સુવિચાર
''પર્વત ઉપાડીને ચાલવાની કોશિષ કરવાથી સફળ થવાતું નથી. એ પર્વતને ઓળંગવાનો પ્રયત્ન કરવાથી સફળ થવાય છે.''
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૭/૧૧/૨૦૨૫, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ કારતક વદ-૨ વર્ષ : ૧૬ અંક : ૨૭૫

## જિલ્લામાં કમોસમી વરસાદથી લીલો ઘાસચારો પણ બગડી જતાં

# ખેડૂતે ૭ વિઘાની ડુંગળી પશુઓનાં ચરિયાણ માટે ખુલ્લી મુકી

સાવરકુંડલાનાં મિતિયાળા ગામનાં ખેડૂતે પશુઓની ચિંતા કરીને ડુંગળી ચરિયાણ માટે ખુલ્લી કરી

જિલ્લાનાં જમીની ખેડૂઓ, સાગરખેડૂઓ અને પુશપાલકોની હાલત અતિ દયનીય બની છે

રાજય સરકારે તિજોરી ખુલ્લી કરીને તમામ પીડિતોને આર્થિક મદદ કરવાની અત્યંત જરૂર

વિકટ પરિસ્થિતિમાં પણ ખેડૂતે ૨૦૦ જેટલા ઘેટા, બકરા, ભેંસ, ગાયને ડુંગળી ધરી દીધી



અમરેલી, તા. ૬

ચોમાસાની ઋતુએ વિદાય લીધા બાદ અને દિવાળી પછી થયેલા કમોસમી વરસાદે અમરેલી જિલ્લાના ખેડૂતોની કમર ભાંગી નાખી છે અને ખેડૂતો અત્યારે સાવ નોધારા બન્યા છે. અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદને લઈને ખેડૂતોની સાથે સાથે માલધારીઓને પણ પશુઓના ઘાસચારો પણ કમોસમી વરસાદના કારણે નહી બચી શકતા ઘેટા, બકરા, ગાય, ભેંસો લઈને ચરાવા માટે કયાં જવું ? તેવી વિકટ સ્થિતિ ઉભી થવા પામેલ છે.

આવી કપરી પરિસ્થતિ વચ્ચે સાવરકુંડલા તાલુકાના

અનુસંધાન પાના ૬ ઉપર

## દામનગર ખાતે અગાઉ હીરા ઘસવાનું કામ કરતી અને

# લાઠીનાં મુળીયાપાટ ગામે રહેતી મહિલા સાથે માનેલ ભાઈ અને પ્રેમીએ ઝપાઝપી કરી

### મહિલાએ ફરિયાદ નોંધાવતાં તપાસ શરૂ

અમરેલી, તા. ૬

લાઠી તાલુકાના મુળીયાપાટ ગામે રહેતા રંજનબેન ઉર્ફે રીનાબેન કમલેશભાઈ મારૂ નામના હિરાકામ કરતી પરિણીતા દામનગર ગામે રહેતા સુમીતભાઈ કાંતીભાઈ બારૈયા તથા ધામેલ ગામે રહેતા રવિભાઈ બાવાજી ગૌસ્વામી આશરે ચારેક વર્ષ પહેલા દામનગર મુકામે એક જ હિરાના કારખાનામા હિરા ઘસતા હતા. તે

અનુસંધાન પાના ૬ ઉપર

બાબરામાં અતિ મોકાનું ટાઈટલ કિલયર મકાન વેચવાનું છે.
બે માળનું (ડુપ્લેક્ષ) મકાન જેમાં 3 (ત્રણ) રૂમ, હોલ, કીચન, ટાઈટલ કિલયર સાથેનું મકાન વેચવાનું છે.
❖ બાબરામાં રામનગર વિસ્તારમાં શેરી નં.- ૨ માં આવેલું
સંપર્ક : ૯૯૭૮૦ ૦૪૮૧૨

ક્રિષ્ના DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

naari HOSPITAL હોસ્પિટલ
આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે
મેડીકલ ઓફીસર (BHMS / BAMS) — દિવસ માટે - ૨ (લેડીઝ), રાત્રી માટે - ૧ (જેન્ટસ/લેડીઝ)
નર્સિંગ સ્ટાફ (GNM/ANM) — દિવસ માટે - ૪ (લેડીઝ), રાત્રી માટે - ૪ (લેડીઝ)
નર્સિંગ આસિસ્ટંટ (લેડીઝ) — દિવસ માટે - ૨, રાત્રી માટે - ૨
આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સઅપ કરવું અથવા રૂબરૂ મળવું
naari HOSPITAL હોસ્પિટલ — જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com

## શહેરનાં વૃધ્ધો, મહિલાઓને ચાલવું કયાં તેવો પ્રશ્ન

# અમરેલીની ફુટપાથ ઉપર કેબિનધારકો અને રેકડી ધારકોનો કબ્જો : પાલિકા આરામમાં

### શહેરમાં જાહેર માર્ગો ઉપર અવિરત દબાણ છતાં તંત્ર ચુપ

અમરેલી, તા. ૬

અમરેલી શહેર એ અંધેરી નગરી હોય જેમાં કોઈ નિયમોની અમલવારી થતી નથી. કારણ કે વિકરાઈ ટ્રાફિક સમસ્યા જોવા મળી રહી છે. શહેરમાં કોઈને પગપાળા કે વાહન લઈને નીકળવુ એટલે જાન કી બાજી લગાવી પડે તેવી ગંભીર પરિસ્થિતિ જોવા મળી રહી છે.

શહેરનાં લાયબ્રેરી રોડ, હરિ રોડ, ભીડ ભંજન ચોક, નાગનાથ ચોક, અતિથિગૃહ, ગાંધીબાગ નજીક, જુના માર્કેટયાર્ડ બસ સ્ટેન્ડ, આસ્થા હોસ્પિટલ ચોક સહિતનાં વિસ્તારમાં આડેધડ વાહન પાર્કિંગ રેકડી અને કેબિનોનું દબાણ વ્યાપક પ્રમાણમાં છતાં પણ ટ્રાફિક અને પાલિકા વિભાગને માર્ગો કે ફુટપાથ પરનુ



દબાણ નજરે ચડતુ નથી.

કોઈની રોજગારી છીનવવાનો પ્રયાસ નથી. પરંતુ રેકડી અને કબિનધારકો એ સુરક્ષિત સ્થળે ઉભા રહીને વેપાર કરવો જોઈએ. અને સવારથી સાંજ સુધી ફરતી રેકડીનાં આધારે વેપાર કરે. તેમજ આડેધડ વાહન ઉભા રાખનાર સામે દંડનાત્મક કાર્યવાહી જરૂરી બની છે.

અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
ઈનામોની વણઝાર
રૂા. ૧૦,૦૦૦ કે તેથી વધુ સોના-ચાંદીના દાગીનાની ખરીદી કરો અને મેળવોલાખોની ઈનામો જીતવાની તક...
તા. ૦૧ જુન ૨૦૨૫ થી તા. ૧૫ ડિસેમ્બર ૨૦૨૫ સુધી
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
MO.96018 98981

## ખેડૂતો, ખેતમજુરો, સાગરખેડૂઓ તથા પશુપાલકોની મુશ્કેલીઓ અને હકોની માંગ સરકાર સુધી પહોંચાડવા

# સોમનાથથી કોંગ્રેસની "કિસાન આક્રોશ યાત્રા"નું પ્રસ્થાન

**ખેડૂતોનું દેવુ માફ કરો, પાકવીમા યોજના ચાલુ કરો : અમિત ચાવડા**

**પાંચ, પચ્ચીશ ઉદ્યોગપતિઓનાં ૨૧ લાખ કરોડ માફ થાય તો ખેડૂતોનાં કેમ નહિ**

**સરકાર ખેડૂતોનાં દેવા માફ કરે તો કોંગ્રેસનાં ધારાસભ્યો પગાર સરકારને અર્પણ કરશે**

**સૌરાષ્ટ્રનાં તમામ જિલ્લાઓમાંથી કિસાન આક્રોશ યાત્રા પસાર થશે**









અમદાવાદ, તા. ૬

ગુજરાતના ખેડૂતોની વેદનાને વાચા આપવા માટે થઈને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા આયોજિત સોમનાથથી કિસાન આક્રોશ યાત્રાની શરૂઆત થઈ. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિતભાઈ ચાવડાની આગેવાનીમાં વેરાવળ ખાતે સૌપ્રથમ કિસાન સભાનું આયોજન થયું હતું. ત્યારબાદ સૌ આગેવાનો અને યાત્રામાં જોડાનાર સૌએ સોમનાથ દાદાના દર્શન કરીને યાત્રાની શરૂઆત કરી હતી.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે રાજયમાં કમોસમી વરસાદને કારણે ખેડૂતોની હાલત કફોડી બની છે ત્યારે ખેડૂતો સરકાર પાસે સંતોષકારક સહાયની આશા રાખીને બેઠી છે. બીજી તરફ વિપક્ષ પણ ખેડૂતોને સહાય અને પાકધિરાણ માફ કરવાના મુદે આક્રમક વલણ દાખવી રહી છે. ઉલ્લેખનીય છે કે ચોમાસાની સિઝન લળવાની સમય દરમિયાન જ કમોસમી વરસાદ વરસ્યો હોવાથી ખેડૂતોને ખૂબ જ મોટા પ્રમાણમા નુકસાન થયું છે. ખાસ કરીને મગફળી , સોયાબીન, કપાસ સહિતના પાકોને સંપૂર્ણ નુકસાન થયું છે અને વધીને અનેક વિસ્તારોમાં શિયાળાની સિઝનના પાકો જેમ કે જીરૂના પાકને કમોસમી વરસાદના લીધે નુકસાન થયુ છે જેને કારણે ખેડૂતોને વર્ષ દરમિયાન ઘરનુ ગુજરાન ચલાવવા મુશ્કેલ બનશે તેમજ માલઢોર માટે ચારાની મોટી સમસ્યાઓ ઉદભવવાની ભીતિ વર્તાતા ખેડૂતો ચિંતિત બન્યા છે. ત્યારે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા ખેડૂતોના આ તમામ પ્રકારની લાગણીને ધ્યાને લઈને ઉપરોકત હક્ક માટે 'કિસાન આક્રોશ યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું છે.

આ યાત્રાનું પ્રસ્થાન આજ રોજ તા. ૬ નવેમ્બર ભગવાન સોમનાથના આશીર્વાદથી થયું અને ૧૩ નવેમ્બરે દ્વારકા ખાતે ભગવાન દ્વારકાધીશના ચરણોમાં શીશ નમાવી સમાપન થશે.

આ યાત્રા સૌરાષ્ટ્રના તમામ જિલ્લાઓમાંથી પસાર થશે અને ખેડૂતો, ખેત મજૂરો, સાગર ખેડુઓ તથા પશુપાલકોની મુશ્કેલીઓ અને હકોની માંગને સરકાર સુધી પહોંચાડશે.

રાજયમાં અતિવૃષ્ટિ, વાવાઝોડા અને કમોસમી વરસાદને કારણે મગફળી, કપાસ, ડાંગર, સોયાબીન, ડુંગળી સહિતના પાકોને ભારે નુકસાન થયું છે. સરકાર માત્ર જાહેરાતો કરેછે, પરંતુ ખેડૂતોને ચુકવણી સમયે ફકત ૩૦થી ૩૫ ટકા સહાય જ મળી રહી છે. ઉપરાંત વર્ષ ૨૦૨૦થી પાકવિમા યોજના બંધ હોવાથી ખેડૂત સંપૂર્ણપણે સરકારની દયા પર નિર્ભર બન્યા છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડા, સેવાદળના રાષ્ટ્રીય અધ્યક્ષ લાલજી દેસાઈ, ખેડૂત આગેવાન પાલભાઈ આંબલીયા, પૂર્વ ધારાસભ્ય અને એ.આઈ.સી.સી. મંત્રી રૂત્વિકભાઈ મકવાણા, ધારાસભ્ય વિમલ ચુડાસમાં, પૂર્વ ધારાસભ્ય પૂજાભાઈ વંશ, લલિતભાઈ કગથરા, લલિત વસોયા સહિતના કોંગ્રેસના સૌરાષ્ટ્રના વરિષ્ઠ આગેવાનોની ઉપસ્થિતિમાં સૌ કોઈએ સંકલ્પ કર્યો હતો કે ખેડૂતોની આ ન્યાયિક લડાઈ સડકથી લઈને વિધાનસભા સુધી કોંગ્રેસ પક્ષ લડવા સંકલ્પબધ્ધ છે.

---

**૬ નવેમ્બરથી ૧૧ નવેમ્બર સુધી આયોજન**

## બાબરામાં પંચશીલ સ્કુલ ખાતે તાલુકા કક્ષાનાં ખેલ મહાકુંભનો પ્રારંભ

**શહેર અને તાલુકાની શાળાનાં વિદ્યાર્થીઓ ભાગ લઈ રહ્યા છે**


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૬

બાબરામાં પંચશીલ સ્કૂલ ખાતે તાલુકા કક્ષાના ખેલ મહાકુંભનો ભવ્ય પ્રારંભ તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી સોનિયાબેન કોટડીયાના અધ્યક્ષ સ્થાને કરવામાં આવ્યો હતો.

આ તકે પંચશીલ શાળાના સંચાલક અને મેનેજિંગ ડિરેકટર રમેશભાઈ ગોલેતર, અમરેલી જિલ્લા આચાર્ય સંઘના ઉપપ્રમુખ હરેશભાઈ વડાવિયા અને શાળા સંચાલક પ્રકાશભાઈ ગોલેતર ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાસંગિક પ્રવચનમાં હરેશભાઈ વડાવિયાએ રમતગમત ક્ષેત્રે બહેનોના વિકાસ અને પ્રગતિ વિશે વાત કરી હતી, જેમાં તેમણે મહિલા વર્લ્ડ કપ વિજેતા ટીમ અને વર્લ્ડ ચેસ ચેમ્પિયન ગુકેશ દોમુરાજનો ઉલ્લેખ કર્યો હતો. રમેશભાઈ ગોલેતરે ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી, જયારે સોનિયાબેન કોટડીયાએ અભ્યાસિક પ્રવૃત્તિઓ સાથે સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ દ્વારા લક્ષ્ય પ્રાપ્ત કરવા પર ભાર મૂક્યો હતો.

આ ખેલ મહાકુંભ આગામી ૬ દિવસ પંચશીલ અને કમળશી હાઈસ્કૂલ ખાતે યોજાઈ રહ્યો છે. તેમાં ચેસ, વોલીબોલ, રસાખેંચ, યોગાસન, ખો–ખો, કબડ્ડી સહિતની એથ્લેટિક રમતોનો સમાવેશ થાય છે.

તેમજ બાબરા તાલુકાની શાળાકીય રમતગમત સ્પર્ધામાં જિલ્લા અને રાજય કક્ષા સુધી પસંદગી પામેલા પંચશીલ સ્કૂલના વિદ્યાર્થીઓને શિલ્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.


**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : **પાર્થ ઇન્વેસ્ટમેન્ટ**

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦



''અમરેલી એક્સપ્રેસ''

**અમારૂ ઇ–મેઇલ એડ્રેસ**

''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ–મેઇલ એડ્રેસ

**amreliexpress7@gmail.com**

પર ફોટોગ્રાફસ મોકલવા.

''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક

જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.


---

**યોગાસન અને ચેસ સ્પર્ધામાં**

## સાવરકુંડલા તાલુકા શાળાનું વિદ્યાર્થીઓનું શ્રેષ્ઠ પ્રદર્શન

**આચાર્યએ શુભેચ્છા પાઠવી**



સાવરકુંડલા, તા. ૬

સ્પોર્ટસ ઓર્થોરિટી ઓફ ગુજરાત દ્વારા દર વર્ષે ખેલ મહાકુંભનું આયોજન કરવામાં આવે છે. જેના અંતર્ગત આજરોજ સાવરકુંડલા તાલુકા કક્ષાના ખેલ મહાકુંભ શુભારંભ થયો હતો. જેમાં આજરોજ વિવિધ કેટેગરીની ચેસ તથા યોગાસનની સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં સાવરકુંડલાની સરકારી શાળાના ધોરણ સાતનો વિદ્યાર્થી બોસમીયા જીત યોગાસનની સ્પર્ધામાં સમગ્ર તાલુકામાં પ્રથમ નંબર આવ્યો હતો. તથા ધોરણ સાતનો વિદ્યાર્થી પરમાર રૂદ્ર અંડર ૧૪ ચેસની સ્પર્ધામાું સમગ્ર તાલુકામાં દ્રિતીય નંબર આવેલ. આગામી સમયમાં બંને વિદ્યાર્થીઓ જિલ્લા કક્ષાએ સાવરકુંડલા તાલુકાનું પ્રતિનિધિત્વ કરશે. આ તકે શાળાના સ્પોર્ટસ ટીચર અલ્પેશભાઈ સીતાપરા તથા માર્ગદર્શક હિતેષભાઈ જોષી, આર્ચાય ભૂમિકાબેન દ્વારા બંને વિદ્યાર્થીઓને જિલ્લા કક્ષા માટે શુભેચ્છા આપેલ.

---

**એડવોકેટ પાઠકની દલીલો સફળ રહી**

## લીલીયા મોટા : ગ્રામ્યલક્ષ્મી બચત શરાફી મંડળીનાં બાકીદારને સજા અને વળતર ચુકવવા આદેશ

**ચેક રીચર્ન કેસમાં બાકીદારને સજા ફટકારાઈ**


કિશોરભાઈ પાઠક

લીલીયા મોટા, તા. ૬

લીલીયા મોટા ગ્રામ્ય લક્ષ્મી બચત અને ધિરાણ સહકારી મંડળી લી. માંથી ધિરાણ મેળવી હપ્તા નહી ભરતા બાકીદાર (૧) સીરાજભાઈ રજાકભાઈ દલ રહે. સંધી સોસાયટી મુ. લીલીયા, તા. લીલીયા, જિ. અમરેલીવાળાનો ચેક રૂા. ૨,૬૮,૧૨૫નો ધિરાણની રકમ તથા તે પર વ્યાજ ગણી આપેલ ચેક રીટર્ન થતા તથા શુભલક્ષ્મી શરાફી મંડળીનો ચેર રૂા. ૨૫,૪૪૭ તથા ક્રિષ્ના ક્રેડીટ કો.ઓ.સો.લી.નો ચેક રૂા. ૧,૧૪,૧૧૦નો રીટર્ન થતા લીલીયા ગ્રામ્ય લક્ષ્મી બચત અને ધિરાણ સહકારી મંડળીના રીકવરી ઓફિસર અમીતભાઈ વસંતભાઈ જોષી ક્રિષ્નાના મેનેજર જિતેન્દ્ર પાઠક તથા શુભલક્ષ્મીના મેનેજર કમલેશ અગ્રાવતે આ બાકીદાર સામે મંડળીના લીગલ એડવાઈઝર એડવોકેટ કિશોરભાઈ પાઠક મારફત લીલીયા કોર્ટમાં ફોજદારી ફરિયાદ નં. ૬૪/૨૩ તથા ૩૦/૨૦૨૪ તથા ૫૪/૨૦૨૪નો દાખલ કરેલ છે અને કેસ ચાલી જતા નામદાર અદાલત ધ્વારા ધારાશાસ્ત્રી પાઠકની દલીલો ગ્રાહ્ય રાખી સીરાજ રજાકભાઈ દલ રહે. સંધી સોસાયટી મુ. લીલીયા, તા. લીલીયા, જિ. અમરેલીવાળાને બધા કેસમાં બે વર્ષની સજા કરવામાં આવેલ અને ચેકની રકમ તથા તે પરનું વ્યાજ સંસ્થાને વળતર ચુકવવા આદેશ કરેલ. તેમજ તેટલી જ રકમનો દંડ નામદાર કોર્ટમાં ભરવો અને દંડ ન ભરે તો વધુ ત્રણ માસની સજા ભોગવવા લીલીયાના પ્રિન્સીપાલ સિવિલ જજ અને જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબે હુકમ કરેલ છે. તે હુકમ સામે આરોપીએ નામદાર સેશન્સ અદાલતમાં અપીલ કરતા અપીલ નં. ૪૬/૨૪, ૧૨/૨૫ અને ૧૬/૨૫ ગુણદોષ પર ચાલી જતા નામદાર સેશન્સ અદાલત સાવરકુંડલાએ લીલીયા અદાલતનો હુકમ કાયમ કરી આરોપી સિરાજ દલને જેલહવાલે કરેલ છે. આમ આ હુકમ થતાં મંડળીના બાકીદારોમાં ફફડાટ વ્યાપી ગયેલ છે. સમગ્ર ત્રણેય અપીલમાં ધારાશાસ્ત્રી પાઠકની દલીલો ગ્રાહ્ય રાખવામાં આવેલ છે.

---

**પ્રથમ દિવસે વિદ્યાર્થીઓની પાંખી હાજરી જોવા મળી**

## બાબરા શહેર અને તાલુકામાં દિવાળી વેકેશન પૂર્ણ થતાં શાળાઓ ફરી શરૂ થઈ

**શાળાનાં સંચાલકોએ વિદ્યાર્થીઓનું સ્વાગત કર્યુ**


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૬

બાબરા ૨૧ દિવસના દિવાળી વેકેશન બાદ શહેર અને તાલુકાની તમામ સરકારી તેમજ ખાનગી શાળાઓ રાબેતા મુજબ ધમધમતી થઈ હતી. શૈક્ષણિક કાર્ય પણ ફરી શરૂ થયું હતું. વી.એલ. ગેલાણી વિદ્યાલયના પ્રમુખ કાળુભાઈ ગેલાણી દ્વારા શાળાના પ્રથમ દિવસે વિદ્યાર્થીઓનું સ્વાગત કરી મોં મીઠું કરાવવામાં આવ્યું હતું.

વિવેકાનંદ વિદ્યાલયના ટ્રસ્ટી ભાર્ગવભાઈ ભડાણીયાએ જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓ વગર શાળા સુમસામ લાગતી હતી. તેમણે ઉમેર્યું હતું કે, પ્રથમ દિવસ હોવાથી ઘણા વિદ્યાર્થીઓ પરિવાર સાથે બહાર ફરવા ગયા હોઈ શકે છે, પરંતુ આગામી દિવસોમાં હાજરી રાબેતા મુજબ થઈ જશે.

## પહેલે મુઠ્ઠીભર પૈસે થે થેલાભર શક્કર આતી થી, આજ થેલા ભર પૈસે સે મુઠ્ઠીભર શક્કર આતી હૈ

# આજે ગરીબો અને મધ્યમવર્ગને મોંઘવારીમાં જીવવુ મુશ્કેલ બન્યુ

### પૂર્વ કેબિનેટ મંત્રી અને કોંગ્રેસનાં નેતા ડો. જયનારાયણ વ્યાસે પત્રકાર પરિષદ સંબોધી

અમદાવાદ, તા. ૬

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ રાજીવ ગાંધી ભવન ખાતે પત્રકાર પરિષદને સંબોધન કરતાં રાજયના પૂર્વ કેબિનેટ મંત્રી અને કોંગ્રેસના વરિષ્ઠ આગેવાન જયનારાયણ વ્યાસે જણાવ્યું હતું કે, રોટી, કપડા ઔર મકાન ચલચિત્રની નીચેની પંકિતઓ મારા મનમાં ગૂંજી રહી છે. "પહેલે મુઠ્ઠીભર પૈસે સે થેલા ભર શક્કર આતી થી આજ થેલા ભર પૈસે સે મુઠ્ઠીભર શક્કર આતી હૈ..." કમરતોડ મોંઘવારી અને ખાધાખોરાકીની ચીજવસ્તુઓના અસહ્ય ભાવ વધારાને કારણે માત્ર ગુજરાતમાં જ નહીં દેશભરના ગરીબ અને મધ્યમવર્ગ માટે કમરતોડ મોંઘવારી આજે જીવવું મુશ્કેલ બનાવી રહી છે. આજની પરિસ્થિતિ કઈ દિશામાં જઈ રહી છે તેનું તાદશ્ય ચિત્ર ભારત સરકારના નીતિઆયોગ તેમજ ભારતીય રિઝર્વ બેન્ક પાસેથી ઉપલબ્ધ આંકડાઓ ઉપર આધારિત રહી અહીં રજૂ કર્યું છે.

રિઝર્વ બન્ક ઓફ ઈન્ડિયા તેમજ અન્ય આધારભૂત સ્ત્રોતમાંથી ઉપજેલ વિગતો ખંખોળવાનું કામ આજની પરિસ્થિતિના અનુસંધાને શરૂ કર્યું કેટલાક મિત્રોને સરકાર વિરૂદ્ધ કશું



જ લખાય એ ગમતું નથી. એમને મન અત્યારે સમૃદ્ધિનો સુવર્ણયુગ ચાલી રહ્યો છે અને એમાં કોઈ જ નકારાત્મક વાતો માટે અવકાશ ન હોવો જોઈએ. અમને પણ હકારાત્મક વિચારસરણી સાથે જ હંમેશાં નિસ્બત રહી છે. શુભત્વની શકિતમાં અમારો વિાસ આજે પણ અટલ છે. રાજકુમાર સિદ્ધાર્થને ગરીબી, ઘડપણ, રોગ અને મૃત્યુ જેવી બાબતો નજરે જ ન ચડે જેથી એમનામાં વૈરાગ્ય ના આવે એવી જડબેસલાક ગોઠવણ એમના રાજવી પિતાએ કરી હતી અને આમ છતાંય વરવી વાસ્તવિકતા એમના સુધી પહોંચી ગઈ અને આપણને ભગવાન તથાગત બુદ્ધ મળ્યા. બરાબર આ જ રીતે આ દેશની પચાસ ટકા વસતી જે સંસાધનો અને સંપત્તિનો દસ ટકા કરતાં પણ ઓછો હિસ્સો ધરાવે છે, તેમને મોંઘવારી નડે છે

### અડદની ડાળ, લોટ, ટામેટા, ડુંગળી, બટાકા, ખાંડ, દૂધનાં ભાવમાં ૧ વર્ષમાં વ્યાપક વધારો

તે વાતનો સ્વીકાર અને કોઈ પણ સરકાર હોય એમને રાહત મળે એ અંગેની જોગવાઈ કરે તો સારૂં લાગે એ હેતુથી માત્ર હકીકતો સામે પ્રકાશ ફેંકવાનું કામ કર્યુ છે.

મોંઘવારીની વાત પર આવીએ તો જાન્યુઆરી-જુલાઈ ૨૦૨૪ અને જાન્યુઆરી-જુલાઈ ૨૦૨૫ વચ્ચે ખાધાખોરાકીની ચીજવસ્તુઓની છૂટક બજારમાં કિંમતો કેટલી વધી છે તેનો એક તુલનાત્મક અભ્યાસ રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે. ગરીબ પોતાની કુલ આવકના ૪૦થી ૭૦ ટકા જેટલી રકમ ખાધાખોરાકી પાછળ ખર્ચે છે, જયારે નીચલો મપ્રયમ વર્ગ લગભગ ૩૫થી ૪૫ ટકા જેટલી પોતાની કુલ આવક ખાદ્યપદાર્થો અને સંલગ્ન સામગ્રી પાછળ ખર્ચે છે. એટલે આ કિંમતો વધે તો એના બજેટ ખર્ચમાં વધારો થાય અને પરિણામે થોડીઘણી પણ બચત ના રહે અથવા સાજા-માંદા કે વિવાહ/મરણ જેવા પ્રસંગે ખર્ચો કરવા માટે કરજ કરવું પડે, જેમાંથી એ કયારેય બહાર ન નીકળી શકે એ વાત મારા એ મિત્રો જેમને બેસુમાર આવક છે અથવા આવકનાં સાધનો એવાં છે કે ગમે

### મધ્યમવર્ગનો પરિવાર આવકનો ૩૫ થી ૪૫ ટકા ખર્ચ ખાધા ખોરાકી પાછળ કરે છે

તે રસ્તે એમની જરૂરિયાતો પૂરી થઈ શકે છે તેમણે સમજવું પડશે.

૨૦૨૫ના કિસ્સામાં અગાઉના વર્ષ (૨૦૨૪)ના એકસરખા ગાળામાં ખાદ્યપદાર્થોના ભાવોમાં ઉલ્લેખનીય વૃદ્ધિ થઈ છે. આપણા વિત્તમંત્રી નિર્મલા સીતારામન ખાનપાનની અર્થવ્યવસ્થાને "થાલીનોમિકસ" કહે છે. ગરીબ અને મધ્યમવર્ગ માટે એને ઉપલબ્ધ સામાન્ય ખાદ્ય વસ્તુઓની અર્થવ્યવસ્થાની રેલગાડી પાટા પરથી ઉતરી ગઈ એવું હકીકતો કહે છે. એમાં પણ દાલ, આટો, શાકભાજી જેવી આવશ્યક ખાદ્યની ચીજવસ્તુઓના ભાવોમાં ઉલ્લેખનીય વૃદ્ધિ થઈ છે. સરખા સમયગાળામાં જીડીપી વૃદ્ધિદર લગભગ સ્થગિત રહ્યો છે એટલે કે આવકમાં પ્રમાણમાં વૃદ્ધિ થઈ નથી. ખાદ્યપદાર્થોમાં પણ ખાસ કરીને ડુંગળી તેમજ આટો અને અડદની દાળ જેવા સમતોલ આહારમાં જરૂરી ખાદ્યપદાર્થોમાં ભાવોમાં ઉછાળો આવ્યો છે, પ્રમાણમાં ખાંડ અને તેલ જેવી વસ્તુઓમાં ઉછાળો ઓછો આવ્યો છે.

અગાઉ જણાવી ગયા તે પ્રમાણે ગરીબીની રેખાથી સહેજ ઉપર એવા નીચલા મધ્મયમ વર્ગના પરિવારો પોતાની આવકનો એક મોટો હિસ્સો ૩૫થી ૪૫ ટકા ખાધાખોરાકીની ચીજવસ્તુઓ પર ખર્ચે છે. ગરીબના કિસ્સામાં આ હિસ્સો ૪૦થી ૭૦ ટકા છે તે વાત સાચી પણ એને પાંચ કિલો ઘઉં મફત મળે છે, જે મળવા જ જોઈએ અને સાથોસાથ બાકીની જીવનજરૂરિયાતની વસ્તુ પણ રેશનીંગની દુકાનેથી વ્યાજબી ભાવે મળે છે એટલે નિમ્ન મધ્યમ વર્ગની માફક જેમની આવક સીમિત હોય અને ખાદ્યપદાર્થોના ભાવોમાં સહેજ પણ વધારો પોતાનું બજેટ સમતોલ કરવામાં મુશ્કેલી સર્જી શકે એટલી હદે પરિસ્થિતિ વિષમ બનતી નથી. આને કારણે નિમ્ન મધ્યમ વર્ગ પોતાના 'થાલીનોમિકસ' પર કાતર ચલાવી એમાં કાપકૂપ કરવા માટે મજબૂર બને છે, જેની સીધી અસર પોષણની ગુણવત્તા પર પડે છે. ભારત સરકારે તાજેતરમાં જાહેર કરેલ 'નેશનલ ફેમિલી હેલ્થ સર્વે'ના આંકડા મુજબ દેશના ટોચના ૧૦ જિલ્લાઓમાંથી ગુજરાતના ૪

### યુનોનાં માનવ વિકાસ સુચકાંકમાં ભારતનો ૧૩૦મો અને ભારતમાં ગુજરાત ૨૦માં નંબરે આવે છે

અતિકુપોષિત જિલ્લાઓમાં આવે છે. આ ભારત સરકારના આંકડા છે એટલે કોઈ રાજકીય દ્વેષબુધ્ધિથી એને જોવાની જરૂર નથી.


હવે મધ્યમવર્ગની વાત પર આવીએ તો મધ્યમવર્ગીય પરિવારો પોતાની કુલ માસિક આવકના ૩૦થી ૫૦ ટકા જેટલી રકમ ભોજન પર ખર્ચ કરે છે. આપણે સ્વીકારી કે મધ્યમવર્ગ પાસે નિમ્ન મધ્યમવર્ગની તુલનામાં પ્રમાણમાં વધારે વિત્તીય ક્ષમતા અને બચત કરવાની ક્ષમતા હોય છે, જેનો ઉપયોગ શિક્ષણ, સ્વાસ્થ્ય અને મનોરંજન બજેટ માટે થતો હોય છે એટલે મધ્યમ વર્ગના ઉપરના વર્ગની સ્થિતિ કદાચ ખાણીપીણી બાબતમાં સારી હશે પણ મોંઘવારીને કારણે એમનાં બાળકોના શિક્ષણ, સ્વાસ્થ્ય અને મનોરંજનના બજેટ ઉપર ચોક્કસપણે ભારણ આવે છે. યુનાઈટેડ નેશન્સ ડેવલોપમેન્ટ પ્રોગ્રામ દ્વારા માનવ વિકાસનો સૂચકાંક બહાર પાડવામાં આવે છે, જેના તાજેતરના આંકડા ચોંકાવી દે તેવા છે. ભારત વૈકિ કક્ષાએ આ આંક મુજબ ૧૩૦મા નંબરે છે, જયારે ગુજરાત ભારતમાં ૨૦મે નંબરે આવે છે એટલે કે, માનવ વિકાસનો સૂચકાંક મધ્યમ કક્ષાનો હોય તે કેટેગરીમાં સૌથી છેલ્લા ક્રમે ગુજરાત આવે છે. આપણા સૌ માટે આ ચિંતાનો વિષય હોવો જોઈએ.

યુનાઈટેડ નેશન્સ ડેવલોપમેન્ટ પ્રોગ્રામ દ્વારા આપવામાં આવેલ વર્ગીકરણ પ્રમાણે ૧૯૩ દેશોમાંથી ભારતનો નંબર ૧૩૦મો આવે છે. આમ દુનિયાના વિકસિત દેશોની સરખામણીમાં ભારત ખૂબ પાછળ છે. જે દેશમાં લોકો લાંબું આયુષ્ય ભોગવતા હોય, માથાદીઠ આવક વધારે હોય અને શિક્ષણનું સ્તર ઊંચું હોય તે દેશનો નંબર ટોચ પર આવે છે.





































### ક્વીન્સલેન્ડમાં ભારતીય બોલરોએ મચાવી તબાહી

# ભારતે ૪૮ રને જીતી ચોથી ટી-૨૦ મેચ, ઓસ્ટ્રેલિયાને ખરાબ રીતે હરાવ્યું

**આ જીત સાથે હવે સિરીઝમાં ભારતે ૨-૧થી સરસાઈ મેળવી : છેલ્લી મેચ ૮ નવેમ્બરે રમાશે : જો ભારત તે મેચ જીતશે તો સિરીઝ પર કબજો જમાવશે**

કેરારા, તા.૬

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે પાંચ મેચોની ટી૨૦ સિરીઝની ચોથી મેચ કેરારા (ગોલ્ડ કોસ્ટ)ના હેરિટેજ બેંક સ્ટેડિયમમાં રમાઈ હતી. આ મેચમાં ટીમ ઈન્ડિયાએ ૪૮ રનથી જીત મેળવી છે. આ જીત સાથે હવે સિરીઝમાં ભારતે ૨-૧થી સરસાઈ મેળવી લીધી છે.

હવે છેલ્લી મેચ ૮ નવેમ્બરે રમાશે. જો ભારત તે મેચ જીતશે તો સિરીઝ પર કબજો જમાવી લેશે. આ મેચમાં ટોસ ઓસ્ટ્રેલિયન કેપ્ટન મિચેલ માર્શે જીત્યો હતો. ભારતીય ટીમે પહેલા બેટિંગ કરીને ઓસ્ટ્રેલિયા સામે ૧૬૮ રનનો ટાર્ગેટ રાખ્યો હતો. તેને ઓસ્ટ્રેલિયાની ટીમ ચેઝ ન કરી શકી અને ૧૧૯ રન પર ઓલઆઉટ થઈ ગઈ.

ઓસ્ટ્રેલિયાની ઈનિંગની શરૂઆત મેથ્યુ શોર્ટ અને મિચેલ માર્શે કરી. બંનેએ શાનદાર શરૂઆત કરી. પરંતુ પાંચમી ઓવરમાં અક્ષર પટેલે શોર્ટની વિકેટ ઝડપી. શોર્ટ ૨૫ રન બનાવીને આઉટ થયો. નવમી ઓવરમાં અક્ષરે ફરી ઓસ્ટ્રેલિયાને એક ઝટકો આપ્યો અને ઈંગ્લિશ આઉટ થઈ ગયો. ત્યારે ઓસ્ટ્રેલિયાનો સ્કોર ૬૭ રન હતો. દસમી ઓવરમાં શિવમ દુબેએ કેપ્ટન માર્શની વિકેટ ઝડપી. માર્શ ૩૦ રન બનાવીને આઉટ થયો. બારમી ઓવરમાં શિવમ દુબેએ ટિમ ડેવિડની વિકેટ લીધી. ડેવિડ ૧૪ રન બનાવીને ચાલ્યો ગયો.ત્યારબાદ ૧૪મી ઓવરમાં અર્શદીપે ફિલિપની વિકેટ ઝડપી લીધી. ત્યારે ઓસ્ટ્રેલિયાનો સ્કોર ૯૮ રન હતો. ૧૫મી ઓવરમાં વરુણે ઓસ્ટ્રેલિયાને છઠ્ઠો ઝટકો આપ્યો અને મેક્સવેલને બોલ્ડ કર્યો.ત્યારબાદ ૧૭મી ઓવરમાં સુંદરે સ્ટોઈનિસને આઉટ કર્યો. આગલી જ બોલ પર તેણે બાર્ટલેટની પણ વિકેટ ઝડપી લીધી. ૧૮મી ઓવરમાં બુમરાહને પહેલી સફળતા મળી. જ્યારે તેણે ડ્વાર્શુઈસને બોલ્ડ કર્યો. છેલ્લી વિકેટ પણ સુંદરે જ લીધી. ભારતીય બોલરોએ આ મેચમાં શાનદાર પ્રદર્શન કર્યું. અક્ષર પટેલને ૧ તો શિવમ દુબેને પણ ૨ સફળતા મળી. જ્યારે સુંદરે ૩ વિકેટ ઝડપી, જ્યારે અર્શદીપ, વરુણ અને જસપ્રીત બુમરાહને ૧-૧ સફળતા મળી.આ મેચમાં અભિષેક શર્મા અને શુભમન ગિલે ભારત માટે ઈનિંગની શરૂઆત કરી હતી. મેચની પહેલી જ ઓવરમાં, ઝેવિયર બાર્ટલેટે બેન ડ્વારશુઈસના બોલ પર અભિષેક શર્માનો કેચ છોડી દીધો. ત્યારબાદ અભિષેકે ૨૬ રન બનાવ્યા, પરંતુ સાતમી ઓવરમાં એડમ ઝામ્પાએ તેને આઉટ કર્યો. ૧૦ ઓવર પછી, ભારતનો સ્કોર ૭૫-૧ હતો. ભારતને ૧૨મી ઓવરમાં બીજો ઝટકો લાગ્યો જ્યારે શિવમ દુબે ૨૨ રન બનાવીને આઉટ થયો. ભારતનો સ્કોર ત્યારે ૮૮ રન હતો. દુબેએ તેની ઈનિંગમાં એક ફોર અને એક સિક્સર ફટકારી. ભારતને ૧૫મી ઓવરમાં ત્રીજો ઝટકો લાગ્યો જ્યારે શુભમન ગિલ ૪૬ રન બનાવીને આઉટ થયો. ભારતને ૧૬મી ઓવરમાં ચોથો ઝટકો લાગ્યો જ્યારે કેપ્ટન સૂર્યા ૨૦ રન બનાવીને આઉટ થયો. તિલક વર્મા ૧૭મી ઓવરમાં ૫ રન બનાવીને આઉટ થયો. જીતેશે પણ ૩ રન બનાવીને તેનું અનુકરણ કર્યું. ૧૯મી ઓવરમાં સુંદર ૧૨ રન બનાવીને આઉટ થતાં ભારતને સાતમી વિકેટ ગુમાવવી પડી. અંતિમ ઓવરમાં અર્શદીપે પણ પોતાની વિકેટ ગુમાવી દીધી. ભારતે ઓસ્ટ્રેલિયાને ૧૬૮ રનનો લક્ષ્યાંક આપ્યો હતો.ગોલ્ડ કોસ્ટ ટી૨૦માં ભારતની પ્લેઈંગ-૧૧: શુભમન ગિલ, અભિષેક શર્મા, સૂર્યકુમાર યાદવ (કેપ્ટન), તિલક વર્મા, જીતેશ શર્મા (વિકેટ કીપર), શિવમ દુબે, અક્ષર પટેલ, વોશિંગ્ટન સુંદર, અર્શદીપ સિંહ, વરુણ ચક્રવર્તી અને જસપ્રીત બુમરાહ.ગોલ્ડ કોસ્ટ ટી૨૦માં ઓસ્ટ્રેલિયાની પ્લેઈંગ-૧૧: મિચેલ માર્શ (કેપ્ટન), મેથ્યુ શોર્ટ, જોશ ઈંગ્લિસ (વિકેટ કીપર), ટિમ ડેવિડ, જોશ ફિલિપ, માર્કસ સ્ટોઈનિસ, ગ્લેન મેક્સવેલ, બેન ડ્વાર્શુઈસ, જેવિયર બાર્ટલેટ, નાથન એલિસ, એડમ ઝામ્પા

### હરમનપ્રીત કૌરે આપી ખાસ ગિફ્ટ

# વર્લ્ડ ચેમ્પિયન ટીમ ઈન્ડિયા સાથે વડાપ્રધાને કરી મુલાકાત

**વડાપ્રધાને ત્રણ હાર અને સોશિયલ મીડિયા પર ટ્રોલિંગનો સામનો કર્યા પછી ટુર્નામેન્ટમાં શાનદાર વાપસીની પ્રશંસા કરી**

નવી દિલ્હી, તા.૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બુધવારે તેમના નિવાસસ્થાને વિશ્વ ચેમ્પિયન ભારતીય મહિલા ક્રિકેટ ટીમ સાથે મુલાકાત કરી છે. આ સમારંભ દરમિયાન ખેલાડીઓનું સન્માન કરવામાં આવ્યું. હરમનપ્રીત કૌરની આગેવાની હેઠળની ટીમે રવિવારે નવી મુંબઈમાં દક્ષિણ આફ્રિકાને ૫૨ રને હરાવીને ICC મહિલા વનડે વર્લ્ડ કપ ૨૦૨૫ જીત્યો હતો. ભારતીય મહિલા ટીમ માટે આ પહેલી ICC ટ્રોફી છે. ટ્રોફી જીત્યા બાદ હરમન બ્રિગેડ મંગળવારે દિલ્હી આવી હતી. બુધવારે સાંજે ટીમ ૭ લોક કલ્યાણ માર્ગ સ્થિત વડાપ્રધાનના નિવાસસ્થાને પહોંચી હતી. ભારતીય ટીમ તેમના સત્તાવાર ઔપચારિક ડ્રેસમાં વડાપ્રધાનના નિવાસસ્થાને પહોંચી.

ભારતીય ટીમે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને એક સ્પેશિયલ ભેટ આપી છે. ટીમે સિગ્નેચર કરેલી જર્સી ભેટ તરીકે આપી છે. વડાપ્રધાને ટીમને વિજય બદલ અભિનંદન આપ્યા અને સતત ત્રણ હાર અને સોશિયલ મીડિયા પર ટ્રોલિંગનો સામનો કર્યા પછી ટુર્નામેન્ટમાં શાનદાર વારસીની પ્રશંસા કરી. કેપ્ટન હરમનપ્રીતે ૨૦૧૭માં પ્રધાનમંત્રી સાથેની મુલાકાતને યાદ કરી. જ્યારે હરમનપ્રીત ટ્રોફી વિના તેમને મળી હતી. ભારત ફાઈનલમાં ઓસ્ટ્રેલિયા સામે હારી ગયું હતું. છદ્વૈં અનુસાર, મુલાકાત દરમિયાન હરમનપ્રીતે વડાપ્રધાનને પૂછ્યું કે, તેઓ હંમેશા વર્તમાનમાં કેવી રીતે જીવે છે. જવાબમાં પીએમ મોદીએ કહ્યું કે, આ તેમના જીવનનો એક ભાગ અને આદત બની ગઈ છે.વડાપ્રધાનએ ૨૦૨૧માં ઈંગ્લેન્ડ સામે હરલીન દેઓલના પ્રખ્યાત કેચને પણ યાદ કર્યો, જેના વિશે તેમણે તે સમયે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી હતી. વડાપ્રધાને એ પણ ઉલ્લેખ કર્યો કે, કેવી રીતે હરમનપ્રીતે ફાઈનલ મેચ પછી બોલ ખિસ્સામાં રાખી મુક્યો. કેપ્ટને કહ્યું કે, તે ભાગ્યશાળી હતો કે બોલ તેની પાસે આવ્યો અને તેમણે તેને પોતાની પાસે રાખી લીધો. વડાપ્રધાન મોદીએ અમનજોત કૌરના પ્રખ્યાત કેચની પણ ચર્ચા કરી, જે તેણીએ ઘણી વખત ફમ્બલિંગ કર્યા પછી કેચ કર્યો હતો. અમનજોતે કહ્યું કે, આ એક એવું ફમ્બલિંગ છે, જેને જોવાનું તેમને ખૂબ જ પસંદ છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, કેચ કરતી વખતે તમે બોલ જોઈ શકો છો, પરંતુ કેચ પછી તમે ટ્રોફી દેખાઈ રહી હશે.

ક્રાંતિ ગૌરે જણાવ્યું કે, તેમનો ભાઈ પ્રધાનમંત્રીનો મોટો ફેન્સ છે, જ્યારબાદ વડાપ્રધાને તરત જ તેમને મળવા માટે ખુલ્લું આમંત્રણ આપ્યું. વડાપ્રધાને તેમને ફિટ ઈન્ડિયાનો સંદેશ આગળ વધારવા વિનંતી કરી, ખાસ કરીને દેશભરની યુવતીઓ માટે. તેમણે મોટાપાની વધતી જતી સમસ્યા પર ચર્ચા કરી અને ફિટ રહેવાના મહત્વ પર પ્રકાશ પાડ્યો. તેમણે તેમને તેમની શાળાઓની મુલાકાત લેવા અને ત્યાંના યુવાનોને પ્રેરણા આપવા પણ વિનંતી કરી. ઉપ-કપ્તાન સ્મૃતિ મંધાનાએ કહ્યું કે, વડાપ્રધાન મોદીએ તેમને પ્રેરણા આપી છે અને તેઓ દરેક માટે પ્રેરણા છે. તેમણે એ પણ વાત કરી કે આજે યુવતીઓ બધા ક્ષેત્રોમાં કેવી રીતે સારું પ્રદર્શન કરી રહી છે.ઓલરાઉન્ડર દીપ્તિ શર્માએ કહ્યું કે, તે વડાપ્રધાન સાથે મુલાકાતની આતુરતાથી રાહ જોઈ રહી હતી. તેણીએ ૨૦૧૭માં થયેલી તેમની મુલાકાતને યાદ કરી, જ્યારે વડાપ્રધાને તેણીને કહ્યું હતું કે, સખત મહેનત કરતા રહો અને ત્યારે જ તેણી પોતાના સપનાઓ પૂર્ણ કરી શકશે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, દીપ્તિ શર્માએ તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર "જય શ્રી રામ" લખ્યું છે અને તેના હાથ પર ભગવાન હનુમાનનું ટેટૂ છે. ઓલરાઉન્ડરે કહ્યું કે, આનાથી તેણીને શક્તિ મળે છે. દીપ્તિએ વર્લ્ડ કપમાં પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટનો એવોર્ડ જીત્યો છે, તેમણે ટુર્નામેન્ટમાં સૌથી વધુ ૨૨ વિકેટો લીધી અને ૨૧૫ રન બનાવ્યા છે.

### મહિલા વકીલની આત્મહત્યા મામલે મોટો ચુકાદો

# ફક્ત લગ્નનો ઈનકાર કરવા પર જેલ ના થઈ શકે

**આત્મહત્યા મામલે સુપ્રીમ કોર્ટે પંજાબના એક વકીલ વિરુદ્ધ ચાલી રહેલી ફોજદારી કાર્યવાહી રદ કરી દીધી છે**

નવી દિલ્હી, તા.૬

સુપ્રીમ કોર્ટે પંજાબના એક વકીલ વિરુદ્ધ ચાલી રહેલી ફોજદારી કાર્યવાહી રદ કરી દીધી છે જેના પર એક સરકારી મહિલા વકીલને આત્મહત્યા માટે ઉશ્કેરવાનો આરોપ હતો. કોર્ટે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે ફક્ત લગ્ન કરવાનો ઈનકાર કરવો એ ગુનો નથી અને આત્મહત્યા માટે ઉશ્કેરણીનો આધાર બની શકતો નથી.

આ કેસ નવેમ્બર ૨૦૧૬નો છે. અમૃતસરમાં તૈનાત એક સરકારી મહિલા વકીલે ઝેર પીને આત્મહત્યા કરી હતી. પરિવારે આરોપ લગાવ્યો હતો કે યદવિંદર સિંહ ઉર્ફ સની જે પોતે પણ સરકારી વકીલ હતો. તેણે લગ્નનું વચન આપીને તેની સાથે સંબંધ બાંધ્યો હતો, પરંતુ પછી અચાનક પીછેહઠ કરી દીધી. પરિવારના જણાવ્યા અનુસાર, આ છેતરપિંડી અને માનસિક વેદના આત્મહત્યા તરફ દોરી ગઈ હતી.FIRમાં જણાવાયું છે કે ૨૦૧૫માં આરોપી મહિલાના ઘરે ગયો હતો અને તેની સાથે લગ્ન કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી, પરંતુ બાદમાં તેના પરિવારના વિરોધને કારણે પીછેહઠ કરી હતી. છોકરીની માતાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે તેની પુત્રીએ આ આઘાતને કારણે આ ભયાનક પગલું ભર્યું હતું.

ફરિયાદના બે દિવસ પછી મહિલાની માતાએ બીજું નિવેદન આપ્યું, જેમાં શારીરિક અને માનસિક શોષણના આરોપો ઉમેર્યા હતા. તેણીએ જણાવ્યું કે તેની પુત્રીએ તેણીને કહ્યું હતું કે આરોપીએ લગ્નના બહાને તેની સાથે સંબંધ બાંધ્યો હતો અને જ્યારે તેણીએ પ્રતિકાર કર્યો ત્યારે તેણે કહ્યું, "તમે જે ઈચ્છો તે કરી શકો છો."

જોકે, સુપ્રીમ કોર્ટે આ નિવેદનને બદલવામાં આવેલું અને અતિશયોક્તિપૂર્ણ માન્યું અને કહ્યું કે તે કાર્યવાહી માટે આધાર તરીકે કામ કરી શકે નહીં. જસ્ટિસ જે.બી. પારડીવાલા અને કે.વી. વિશ્વનાથનની બેન્ચે જણાવ્યું હતું કે જ્યારે બંને વચ્ચે ભાવનાત્મક જોડાણ હતું, ત્યારે એવા કોઈ પુરાવા નથી કે આરોપીએ જાણી જોઈને અથવા સક્રિય રીતે પીડિતાને આત્મહત્યા કરવા માટે પ્રેરિત કરી હતી. કોર્ટે જણાવ્યું હતું કે, "ફક્ત લગ્ન કરવાનો ઈનકાર કરવો, ભલે તે હૃદયદ્રાવક હોય, તે ઉશ્કેરણીનો ગુનો નથી." કોર્ટે એ પણ સ્પષ્ટ કર્યું કે ઉશ્કેરણી માટે હેતુ અને સીધી પ્રેરણાની જરૂર હોય છે. માત્ર ઉદાસીનતા અથવા કઠોર પ્રતિભાવને ગુનો ગણી શકાય નહીં.ચુકાદો આપતાં બેન્ચે દુઃખ વ્યક્ત કર્યું અને કહ્યું હતું કે, "એ અત્યંત દુર્ભાગ્યપૂર્ણ છે કે એક યુવાન છોકરીએ નબળાઈની ક્ષણમાં પોતાનો જીવ લીધો. પરંતુ ન્યાયાધીશ તરીકે આપણે ફક્ત પુરાવાના આધારે નિર્ણય લેવો જોઈએ." કોર્ટે જણાવ્યું હતું કે કોઈને પણ ફક્ત શંકાના આધારે દોષિત ઠેરવી શકાય નહીં અને આ કેસમાં ટ્રાયલ ચલાવવી એ ન્યાયની મજાક હશે. કોર્ટે FIR અને બાકી રહેલી તમામ કાર્યવાહી રદ કરીને આરોપીને રાહત આપી હતી

# પ્રેમાનંદજીના દરબારમાં કચ્છી કોયલ કંઠી ગીતા રબારીએ લલકાર્યું ભજન

મથુરા, તા.૬

પોતાની આગવી ઓળખ અને સુરીલા અવાજથી ગુજરાતભરમાં લોકપ્રિય બનેલા લોક ગાયિકા ગીતા રબારી હાલમાં ધાર્મિક યાત્રા પર છે. તેઓ હાલમાં ગોકુલ, મથુરા અને વૃંદાવનની યાત્રા કરી રહ્યા છે, જે દરમિયાન તેમણે એક ખાસ જગ્યાએ હાજરી આપી અને ભજન ગાયું હતું.ગીતા રબારીએ વૃંદાવનમાં મહારાજ પ્રેમાનંદજીના દરબારમાં ખાસ ઉપસ્થિતિ આપી હતી. પ્રેમાનંદજી મહારાજની ભાવભક્તિ અને સાત્વિકતાથી પ્રભાવિત થઈને, કચ્છી કોયલ કંઠી તરીકે જાણીતા ગીતા રબારીએ તેમના દરબારમાં એક સુંદર ભજન ગાયું હતું. ગુજરાતી ગાયિકા ગીતા રબારીના કંઠે ગવાયેલું આ ભજન એટલું મધુર અને ભાવવાહી હતું કે તેનાથી સ્વયં શ્રી પ્રેમાનંદજી મહારાજ ભાવ વિભોર થઈ ગયા હતા. ભજનના શબ્દો અને ગીતા રબારીના સૂરોએ ત્યાં ઉપસ્થિત સૌ કોઈને ભક્તિમય કરી દીધા હતા. મહારાજે પણ ગીતા રબારીના આ પ્રયાસને બિરદાવ્યો હતો. ગીતા રબારી માટે પણ એક યાદગાર અનુભવ હતો. તેમણે સંતના દરબારમાં પોતાની કળા દ્વારા સેવા આપી. ગીતા રબારીના ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર પણ ઘણા વાયરલ થઈ રહ્યા છે.

### ઉત્તરાખંડના ઊંચા શિખરો પર હવામાન બદલાયું

# કેદારનાથ-બદ્રીનાથમાં બરફ વર્ષા થઈ, સફેદ બરફની ચાદર છવાઈ

**આ સમય દરમિયાન, મંદિરની નજીકના રસ્તાઓ અને આસપાસના ટેકરીઓ સંપૂર્ણપણે બરફની ચાદરથી ઢંકાઈ**

દેહરાદૂન, તા.૬

બુધવારે સવારે ઉત્તરાખંડના ઊંચા શિખરો પર હવામાન સંપૂર્ણપણે બદલાઈ ગયું. કેદારનાથ અને બદ્રીનાથ ધામમાં બરફવર્ષાએ પર્વત શિખરો, રસ્તાઓ અને મંદિર સંકુલોને બરફના ચમકતા સફેદ ચાદરથી ઢાંકી દીધા હતા. ઠંડા પવનો અને તાપમાનમાં અચાનક ઘટાડો થવાથી શિયાળાની શરૂઆત થઈ ગઈ છે.બદ્રીનાથ નગર પંચાયતના અધિકારી સુનીલ પુરોહિતના જણાવ્યા અનુસાર, સવારે ૩ વાગ્યાની આસપાસ બરફ પડવાનું શરૂ થયું અને લગભગ ૭ વાગ્યા સુધી ચાલુ રહ્યું હતું.આ સમય દરમિયાન, મંદિરની નજીકના રસ્તાઓ અને આસપાસના ટેકરીઓ સંપૂર્ણપણે બરફની ચાદરથી ઢંકાઈ ગયા હતા. હિમવર્ષા એટલી તીવ્ર હતી કે થોડા કલાકોમાં જ, સમગ્ર વિસ્તાર ઠંડા પવનોથી ધ્રૂજી ઉઠ્યો. પર્વતોમાં હિમવર્ષાની સાથે મેદાની વિસ્તારોમાં પણ ઠંડીનો અનુભવ થયો. બુધવારે ઉત્તરાખંડમાં હવામાન બદલાયું, ઊંચા શિખરો પર હિમવર્ષા થઈ. કેદારનાથ ધામમાં પણ ભારે હિમવર્ષા થઈ જેના કારણે કેદાર ખીણમાં ભારે ઠંડી પડી.

આ દરમિયાન, ચમોલી જિલ્લામાં મંગળવાર બપોર પછી હવામાન બદલાયું. સાંજે, હેમકુંડ સાહિબ અને બદ્રીનાથ ધામના શિખરો પર હિમવર્ષા અને નીચલા ભાગોમાં હળવો વરસાદ થવાથી ઠંડીમાં વધારો થયો. સ્થાનિક નાગરિકો સાથે યાત્રાળુઓ બદ્રીનાથ ધામમાં અગ્નિ પ્રગટાવીને ગરમી અનુભવી રહ્યા છે.મંગળવાર સવારથી ચમોલી જિલ્લામાં તડકો હતો, પરંતુ બપોરે હવામાન બદલાયું. હવામાનમાં ફેરફારને કારણે હેમકુંડ સાહિબ અને બદ્રીનાથ ધામના શિખરો પર હિમવર્ષા થઈ. બદ્રીનાથ ધામમાં પણ હિમવર્ષાથી ઠંડીમાં વધારો થયો છે.જોકે મંદિરોના કપાટ ટૂંક સમયમાં ભલે બંધ થવાના છે, પરંતુ સુરક્ષામાં કોઈ કચાસ રાખવામાં આવી નથી. કેદાર સભાના પૂજારી આનંદ શુક્લાએ જણાવ્યું હતું કે ITBP અને BKTC સભ્યો સતત દેખરેખમાં રોકાયેલા છે. તેમણે એ પણ અહેવાલ આપ્યો કે ગરુડ ચટ્ટી સુધી બરફવર્ષા જોવા મળી હતી.મંગળવાર રાતથી પશ્ચિમી વિક્ષોભ સક્રિય થવાને કારણે ઉત્તરાખંડમાં હવામાન બદલાયું છે. હવામાનમાં આ ફેરફારથી પર્વતીય જિલ્લાઓમાં ઠંડીનું મોજું આવવાની ધારણા છે, જ્યારે મેદાની વિસ્તારોમાં ધુમ્મસ અને ઠંડી વધવાની ધારણા છે. હવામાન વિભાગે આજે પાંચ પર્વતીય જિલ્લાઓમાં વરસાદની આગાહી પણ કરી હતી.

### પ્રિયંકા ગાંધીએ કહ્યું, "ત્રણ વર્ષમાં ૨૭ પુલ પડ્યા"

# જંગલરાજમાં એક પણ પુલ બન્યો નથી : વડાપ્રધાન મોદી

**પીએમ મોદીએ અરરિયામાં રેલી યોજી હતી, જ્યારે પ્રિયંકા ગાંધીએ મોતીહારીમાં એક સભાને સંબોધિત કરી હતી**

પટણા, તા.૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ગુરુવારે બિહારના અરરિયામાં ચૂંટણી રેલીને સંબોધિત કરતી વખતે મહાગઠબંધન પર નિશાન સાધ્યું હતું. વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે, ૧૫ વર્ષના જંગલ રાજે બિહારને બરબાદ કરી દીધું છે. એક પણ પુલ બન્યો નથી. પીએમ મોદીના હુમલાનો જવાબ આપતા કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધીએ કહ્યું હતું કે, ત્રણ વર્ષમાં બિહારમાં ૨૭ પુલ તૂટી પડ્યા છે. જણાવી દઈએ કે, પ્રિયંકાએ મોતીહારીમાં ચૂંટણી રેલીને સંબોધિત કરતી વખતે આ નિવેદન આપ્યું હતું. રેલીને સંબોધતા પીએમ મોદીએ કહ્યું હતું કે, "જંગલ રાજ" એ ૧૯૯૦ થી ૨૦૦૫ સુધી બિહાર પર શાસન કર્યું હતું. જંગલ રાજે બિહારને બરબાદ કરી દીધું છે. સરકાર ચલાવવાના નામે, તમને ફક્ત લૂંટવામાં આવ્યા છે. જંગલ રાજ દરમિયાન બિહારમાં કેટલા એક્સપ્રેસવે બનાવવામાં આવ્યા હતા? શૂન્ય. તેમણે વધુમાં કહ્યું કે, NDA સરકાર હેઠળ, નીતિશ કુમારે બિહારને જંગલ રાજમાંથી બહાર કાઢવા માટે સખત મહેનત કરી છે. ૨૦૧૪ માં ડબલ-એન્જિન સરકાર બન્યા પછી, બિહારના વિકાસને નવી ગતિ મળી છે. તેમણે કહ્યું કે, પટનામાં IIT, બોધગયામાં IIM, પટણામાં AIIMs ની સ્થાપના કરવામાં આવી છે, અને દરભંગા AIIMs પર કામ ઝડપથી આગળ વધી રહ્યું છે. બિહારમાં એક રાષ્ટ્રીય કાયદા યુનિવર્સિટી પણ છે.

PM મોદીના હુમલાનો જવાબ આપતા, પ્રિયંકા ગાંધીએ કહ્યું કે, બિહારમાં ત્રણ વર્ષમાં ૨૭ પુલ તૂટી પડ્યા છે. તેમણે કહ્યું કે, અમે કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરો છીએ, જેમને મહાત્મા ગાંધીએ રસ્તો બતાવ્યો હતો. બિહારના લોકોએ આ દેશમાં તેમની ભૂમિકા સમજવી જોઈએ. તમારે સમજવું જોઈએ કે, તમારા પૂર્વજોએ જ આ દેશ બનાવ્યો હતો.

તેમણે કહ્યું કે, જ્યારે અહીં એક પણ રસ્તો નહોતો, ત્યારે તમારા પૂર્વજો વિશાળ બ્રિટિશ સામ્રાજ્ય સામે લડી રહ્યા હતા. જ્યારે મહાત્મા ગાંધીને આ વાતની ખબર પડી, ત્યારે તેમને અહીંથી સત્યાગ્રહ ચળવળ શરૂ કરવાની પ્રેરણા મળી હતી. યુવાનો સતત પરીક્ષા આપે છે, પરંતુ પેપર વારંવાર લીક થાય છે. પરિણામે, તેમના જીવનના ઘણા વર્ષો પરીક્ષાઓ અને નિમણૂકોની રાહ જોવામાં વેડફાય છે.

### નવી ટ્રેન વારાણસી, પ્રયાગરાજ, ચિત્રકૂટ, ખજુરાહોને જોડશે

# દેશને મળશે ૪ નવી વંદે ભારત ટ્રેન, PM મોદી ૮ નવેમ્બરે બતાવશે લીલી ઝંડી

**મોદી ૮ નવેમ્બરના રોજ વારાણસીમાં એક સાથે ચાર નવી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનોને લીલી ઝંડી આપશે**

વારાણસી, તા.૬

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૮ નવેમ્બરના રોજ સવારે ૮:૧૫ વાગ્યે તેમના સંસદીય મતવિસ્તાર વારાણસીમાં એક સાથે ચાર નવી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનોને લીલી ઝંડી આપશે. આ ચાર નવી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનો વારાણસી અને ખજુરાહો, લખનૌ અને સહારનપુર, ફિરોઝપુર અને દિલ્હી અને એર્નાકુલમ અને બેંગલુરુ વચ્ચે દોડશે. આ નવી ટ્રેનો દેશના મુખ્ય સ્થળો વચ્ચે મુસાફરીનો સમય ઘટાડશે અને પ્રાદેશિક ગતિશીલતામાં વધારો કરશે, જેનાથી દેશભરમાં પ્રવાસન અને આર્થિક પ્રવૃત્તિમાં વધારો થશે.

વારાણસી-ખજુરાહો વંદે ભારત એક્સપ્રેસ આ રૂટ પર સીધી કનેક્ટિવિટી સ્થાપિત કરશે, જે હાલમાં કાર્યરત વિશેષ ટ્રેનોની તુલનામાં લગભગ ૨ કલાક અને ૪૦ મિનિટ બચાવશે. વારાણસી-ખજુરાહો વંદે ભારત એક્સપ્રેસ ભારતના કેટલાક સૌથી આદરણીય ધાર્મિક અને સાંસ્કૃતિક સ્થળો, જેમાં વારાણસી, પ્રયાગરાજ, ચિત્રકૂટ અને ખજુરાહોનો સમાવેશ થાય છે તેને જોડશે.

લખનૌ-સહારનપુર વંદે ભારત એક્સપ્રેસ લગભગ ૭ કલાક અને ૪૫ મિનિટમાં મુસાફરી પૂર્ણ કરશે, જેનાથી લગભગ ૧ કલાકનો મુસાફરી સમય બચશે. લખનૌ-સહારનપુર વંદે ભારત એક્સપ્રેસ લખનૌ, સીતાપુર, શાહજહાંપુર, બરેલી, મુરાદાબાદ, બિજનૌર અને સહારનપુરના મુસાફરોને નોંધપાત્ર ફાયદો પહોંચાડશે, અને રૂડકી થઈને હરિદ્વાર સુધીની પહોંચમાં પણ સુધારો થશે.

ફિરોઝપુર-દિલ્હી વંદે ભારત એક્સપ્રેસ આ રૂટ પરની સૌથી ઝડપી ટ્રેન હશે. જે ફક્ત ૬ કલાક અને ૪૦ મિનિટમાં તેની મુસાફરી પૂર્ણ કરશે. ફિરોઝપુર-દિલ્હી વંદે ભારત એક્સપ્રેસ રાષ્ટ્રીય રાજધાની અને પંજાબના મુખ્ય શહેરો ફિરોઝપુર, ભટિંડા અને પટિયાલા વચ્ચે જોડાણને મજબૂત બનાવશે.

દક્ષિણ ભારતમાં એર્નાકુલમ-બેંગલુરુ વંદે ભારત ટ્રેન મુસાફરીના સમયમાં ૨ કલાકથી વધુ ઘટાડો કરશે. જે ૮ કલાક અને ૪૦ મિનિટમાં મુસાફરી પૂર્ણ કરશે. એર્નાકુલમ-બેંગલુરુ વંદે ભારત એક્સપ્રેસ મુખ્ય આઈટી અને વાણિજિયક કેન્દ્રોને જોડશે, જે વ્યાવસાયિકો, વિદ્યાર્થીઓ અને પ્રવાસીઓ માટે ઝડપી અને વધુ આરામદાયક મુસાફરી વિકલ્પો પ્રદાન કરશે. આ માર્ગ કેરળ, તમિલનાડુ અને કર્ણાટક વચ્ચે આર્થિક પ્રવૃત્તિ અને પર્યટનને વેગ આપશે, પ્રાદેશિક વિકાસ અને સહયોગને પ્રોત્સાહન આપશે.

### માંડ માંડ બચ્યા CPM નેતા સત્યેન્દ્ર યાદવ

# બિહારમાં મતદાન વચ્ચે INDIA ગઠબંધનના ધારાસભ્ય પર હુમલો

**આ તત્વો દ્વારા તેમની ગાડીના કાચ તોડી નાખવામાં આવ્યા**

પટણા, તા.૬

બિહારમાં ગુરૂવારે પ્રથમ તબક્કાનું મતદાન થયું હતું. આ વચ્ચે છાપરાથી મોટા સમાચાર સામે આવ્યા હતા. CPM ધારાસભ્ય અને માંઝી વિધાનસભા મતવિસ્તારના ઉમેદવાર ડૉ. સત્યેન્દ્ર યાદવની કાર પર હુમલો કરવામાં આવ્યો હતો. અહેવાલો અનુસાર, આ હુમલો બનવાર અને જૈતપુર વિસ્તારમાં થયો હતો. એવું કહેવામાં આવી રહ્યું છે કે, આ એક જીવલેણ હુમલો હતો. જોકે, સદનસીબે, ધારાસભ્યને કોઈ નુકસાન થયું નથી. જોકે, સ્કોર્પિયો ગાડીના કાચ તોડી નાખવામાં આવ્યા હતા.

ઘટનાની માહિતી મળતાં, પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી. વિસ્તારમાં વધારાની સુરક્ષા તૈનાત કરવામાં આવી છે અને હુમલાખોરોની શોધ શરૂ કરવામાં આવી છે. સ્થાનિક રહેવાસીઓના જણાવ્યા અનુસાર, ઘટના દરમિયાન હોબાળો મચી ગયો હતો. વહીવટીતંત્ર હાલમાં આ મામલાની તપાસ કરી રહ્યું છે અને આવી ઘટના ફરી ન બને તે માટે સુરક્ષા કડક કરવામાં આવી હતી.જણાવી દઈએ કે, બિહાર ચૂંટણીમાં બે મહિલાઓ દાવો કરે છે કે, તેમને મતદાન કરતા અટકાવવામાં આવ્યા હતા. મતદાન મથક પર મતદાન કરવા પહોંચેલી શ્રેયા મહેતાએ કહ્યું કે, BLO એ તેમને કાપલી આપી ન હતી અને તેને ઓનલાઈન ડાઉનલોડ કરવાનું કહેવામાં આવ્યું હતું. તેમણે કહ્યું કે, "મારું નામ મતદાર યાદીમાં ૧૭મા નંબર પર છે, પરંતુ જ્યારે હું મતદાન કરવા પહોંચી, ત્યારે તેઓએ મને મારી કાપલી લાવવાનું કહ્યું હતું. મેં મારું મતદાર ઓળખપત્ર બતાવ્યું હતું. હું સવારે ૬:૩૦ વાગ્યાથી લાઈનમાં છું અને હવે જઈ રહી છું, હવે હું મતદાન નહીં કરું."અન્ય એક મહિલા અનુપમા શર્માએ જણાવ્યું હતું કે, તેમને પણ મતદાન કરવા દેવામાં આવ્યું નથી. તેમની પાસે મતદાર કાપલી નથી, તેમ છતાં તેમનું નામ મતદાર યાદીમાં છે અને તેમની પાસે મતદાર ઓળખપત્ર પણ છે. તેમણે કહ્યું કે, "હું હવે મતદાન નહીં કરું. આ પહેલી વાર બન્યું છે, જ્યારે અમે આવી સમસ્યાનો સામનો કરી રહ્યા છીએ."

### રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને આદેશ આપ્યો

# અમેરિકાને જવાબ આપવા રશિયા પણ પરમાણુ પરીક્ષણ કરવાની તૈયારીમાં!

નવી દિલ્હી, તા.૬

રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને બુધવારે પોતાના ટોચના અધિકારીઓને પરમાણું હથિયારોના સંભવિત પરીક્ષણ માટે પ્રસ્તાવ તૈયાર કરવાનો આદેશ આપ્યો છે. પુતિને અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ગત અઠવાડિયે કરવામાં આવેલા પરમાણું પરીક્ષણને ફરી શરુ કરવાના નિવેદન બાદ આ પગલું લીધું છે. રશિયાએ 1991માં સોવિયત યુનિયનના પતન બાદથી પરમાણુ પરિક્ષણ નથી કર્યુ. પુતિને કહ્યું કે, 'હું વિદેશ મંત્રાલય, સંરક્ષણ મંત્રાલય...

વિશેષ સેવાઓ અને સંબંધિત એજન્સીઓને નિર્દેશ આપુ છું કે, આ મુદ્દે વધારાની જાણકારી એકઠી કરે, તેનું સુરક્ષા પરિષદમાં વિશ્લેષણ કરે અને ન્યૂક્લિયર હથિયારોના ટેસ્ટની સંભવિત તૈયારી પર સંમતિ પ્રસ્તાવ બનાવો.' રશિયન સશસ્ત્ર દળના વડાએ કહ્યું કે, રશિયાએ ઝડપથી કાર્યવાહી કરવી જોઈએ. પરમાણુ પરીક્ષણ માટેનો સંભવિત આદેશ સૂચવે છે કે વિશ્વના બે સૌથી મોટા પરમાણુ સશસ્ત્ર દેશો એક એવા પગલાંની નજીક જઈ રહ્યા છે જે ભૂ-રાજકીય તણાવને તીવ્ર બનાવી શકે છે. ટ્રમ્પનો અર્થ ભૂગર્ભ વિસ્ફોટક પરીક્ષણ હતો કે કેમ તે હજુ સ્પષ્ટ નથી. 1991માં સોવિયત યુનિયનના પતન પછી રશિયાએ પરમાણુ પરીક્ષણ કર્યું નથી.રશિયન પ્રમુખ પુતિનનો આ આદેશ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની જાહેરાતના જવાબમાં આવ્યો છે, જ્યાં ટ્રમ્પે છેલ્લાં અઠવાડિયે અચાનક પરમાણુ પરીક્ષણ શરૂ કરવા વિશે જાહેરાત કરી હતી. પુતિને તેમના ટોચના અધિકારીઓને રશિયન પ્રતિક્રિયાનો ડ્રાફ્ટ તૈયાર કરવાનો આદેશ આપ્યો. આ પગલું આંતરરાષ્ટ્રીય રાજકારણમાં નોંધપાત્ર પરિવર્તન દર્શાવે છે. બંને દેશો વચ્ચે વધતા તણાવ વૈશ્વિક સુરક્ષા માટે ચિંતાનો વિષય બની શકે છે.

પરમાણુ પરીક્ષણ ફરી શરૂ કરવાની હાકલ કરીને, બંને દેશો એકબીજાને મજબૂત સંદેશ મોકલી રહ્યા છે. પુતિનના આદેશથી સ્પષ્ટ થાય છે કે, રશિયા અમેરિકાના આ પગલાનો જવાબ આપવા માટે તૈયાર છે. આ પરિસ્થિતિ બે મુખ્ય વિશ્વ શક્તિઓ વચ્ચે તણાવ વધારી શકે છે, જેનાથી નવા શીત યુદ્ધની શરૂઆત થઈ શકે છે. વિશ્વભરના દેશો આ ઘટનાક્રમ પર નજીકથી નજર રાખી રહ્યા છે. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાના પરમાણુ પરીક્ષણ કાર્યક્રમને ફરી શરૂ કરવાની હાકલ કર્યાના થોડા દિવસો બાદ, અમેરિકન એરફોર્સ ગ્લોબલ સ્ટ્રાઈક કમાન્ડ (AFGSC)એ બુધવારે કેલિફોર્નિયાના વેન્ડેનબર્ગ સ્પેસ ફોર્સ બેઝ પરથી નિઃશસ્ત્ર મિનિટમેન III ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલિસ્ટિક મિસાઈલ (ICBM)નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું.

### અજિત પવારની મુશ્કેલી વધી! વિપક્ષે પણ ઉઘડો લીધો

# ઉપમુખ્યમંત્રીના પુત્ર સામે જ CM ફડણવીસની મોટી કાર્યવાહી

**ફડણવીસે અજિત પવારના પુત્ર પાર્થ પવાર સામેના કથિત જમીન કૌભાંડના આરોપોની તપાસના આદેશ આપ્યા**

મુંબઈ, તા.૬

નાયબ મુખ્યમંત્રી અજિત પવારના પુત્ર પાર્થ પવાર સામે કથિત જમીન કૌભાંડના આરોપોએ મહારાષ્ટ્રના રાજકારણમાં ખળભળાટ મચાવી દીધો છે. પુણેના મુંધવા વિસ્તારમાં રૂ.૧,૮૦૪ કરોડની સરકારી જમીન માત્ર રૂ.૩૦૦ કરોડમાં વેચાયા બાદ, મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે તેને ગંભીર ગણાવ્યું છે અને ઉચ્ચ સ્તરીય તપાસનો આદેશ આપ્યો છે.

ફડણવીસે જણાવ્યું હતું કે, " મેં બધા દસ્તાવેજો માંગાવ્યા છે અને જાહેર થયેલી માહિતી અત્યંત ગંભીર છે." આ નિવેદનથી રાજકીય માહોલ વધુ ગરમાઈ ગયો છે. મુખ્યમંત્રીએ અધિક મુખ્ય સચિવ વિકાસ ખડગેના નેતૃત્વમાં એક તપાસ સમિતિની રચના કરી છે. આ કૌભાંડમાં સંડોવાયેલા અધિકારીઓ સામે પણ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

RTI કાર્યકર્તા વિજય કુંભારે આ બાબતનો પર્દાફાશ કર્યો છે. તેમણે આરોપ લગાવ્યો છે કે, પાર્થ પવારની કંપની, અમેડિયા હોલ્ડિંગ્સ LLPએ મુંધવા વિસ્તારમાં ખૂબ જ ઓછી કિંમતે સરકારી જમીન ખરીદી હતી. એવો આરોપ છે કે, આ જમીનની કિંમત આશરે રૂ.૧,૮૦૪ કરોડ હતી, પરંતુ તે માત્ર ૩૦૦ કરોડમાં ખરીદવામાં આવી હતી. કુંભારે એવો પણ દાવો કર્યો હતો કે, સોદાના બે દિવસ પછી જ સ્ટેમ્પ ડ્યુટી માફ કરવામાં આવી હતી, અને કંપનીએ માત્ર રૂ.૫૦૦ ચૂકવ્યા હતા. આ સમગ્ર સોદો મહારાષ્ટ્રના "મહાર વતન" જમીન કાયદા હેઠળ આવે છે, જેના કારણે કાનૂની અને રાજકીય રીતે લોકપ્રિયતા વધી છે.

મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે આ મામલાની તપાસનો આદેશ આપતા કહ્યું કે, "મેં બધા દસ્તાવેજો મંગાવ્યા છે અને તપાસનો આદેશ આપ્યો છે. જે પ્રકાશમાં આવ્યું છે, તે અત્યંત ગંભીર છે." સરકારે પુણેના તહસીલદાર સૂર્યકાંત યેવલે અને હવેલી નંબર ૩ ના બીજા સબ-રજિસ્ટ્રાર રવિન્દ્ર તારુને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દીધા છે. તપાસ સમિતિને એ શોધવાનું કામ સોંપવામાં આવ્યું છે કે, સ્ટેમ્પ ડ્યુટી માફીનો આદેશ કયા સ્તરે અને કોના દબાણ હેઠળ જાહેર કરવામાં આવ્યો હતો.

આ ખુલાસા બાદ, વિપક્ષે ફડણવીસ સરકારને ઘેરવાનું શરૂ કરી દીધું છે. વિપક્ષી પક્ષોએ પ્રશ્ન કર્યો છે કે, ED જેવી એજન્સીઓ કેમ ચૂપ છે અને ક્યારે કાર્યવાહી કરવામાં આવશે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પહેલા આ મામલો મહાયુતિ ગઠબંધન માટે મુશ્કેલી ઊભી કરી રહ્યો હોય તેવું લાગે છે. આ દરમિયાન, NCP (અજિત પવાર જૂથ) એ હજુ સુધી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આપી નથી.

### બે વર્ષના પ્રોગ્રામમાં ૯૦ વિદ્યાર્થીઓનો ઇન્ટેક રહેશે

# AIની વધતી માંગને લઇ IIM અમદાવાદે શરૂ કર્યો નવો કોર્સ

**IIM અમદાવાદ દ્વારા બે વર્ષના બ્લેન્ડેડ એમબીએ પ્રોગ્રામ ઇન બિઝનેસ એનાલિટિક્સ અને એઆઈ લોન્ચ કરવામાં આવ્યો છે**

અમદાવાદ, તા.૬

અમદાવાદ વિશ્વ જયારે ટેક્નોલોજી અને AI તરફ આગળ વધી રહ્યું છે ત્યારે બજારો હવે ડેટા આધારિત નિર્ણય કરી રહ્યા છે. ત્યારે યુવાઓ પણ એવી સ્કિલ ઈચ્છે છે કે જેઓ પ્રોડક્ટિવ, ઈન્ટેલિજન્ટ અને ગ્રોથ રેટિંગ ઓર્ગેનાઈઝેશન બનાવવામાં મદદ કરે અને તેને જ લઈને વિશ્વની જાણીતી સંસ્થા IIM અમદાવાદ દ્વારા બે વર્ષના બ્લેન્ડેડ એમબીએ પ્રોગ્રામ ઈન બિઝનેસ એનાલિટિક્સ અને એઆઈ લોન્ચ કરવામાં આવ્યો છે. બે વર્ષના પ્રોગ્રામમાં ૯૦ વિદ્યાર્થીઓનો ઈન્ટેક રહેશે.

પહેલા ઈન્ટરનેટ એરા કહેવામાં આવતો હતો પરંતુ હવે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો જમાનો કહેવામાં આવે છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની વધતી માંગ અને બદલાતી ટેકનોલોજી યુવાઓ એક્સેપ્ટ કરે તે જરૂરી છે. ત્યારે વિશ્વની જરૂરિયાત છે કે યુવાઓ AI સમજે અને તેનો વધુમાં વધુ ઉપયોગ કરે. આગામી સમયમાં ઈન્ડસ્ટ્રીમાં તેની તાતી જરૂરિયાત ઊભી થનાર છે ત્યારે જ IIM દ્વારા આ કોર્સને શરૂ કરવામાં આવ્યો છે.

IIM એ પ્રકારના પ્રોગ્રામ્સ ડિઝાઈન કર્યો છે જેના થકી ડેટા, એઆઈ અને સાઉન્ડ મેનેજરિયલ જજમેન્ટ દ્વારા વિવિધ ક્ષેત્રોના પ્રશ્નોનો ઉકેલ લાવી શકે. પ્રોફેસર અનિંદ્ય ચક્રબર્તીએ જણાવ્યું હતું કે, વિદ્યાર્થીએ કોઈપણ વિષયમાં માન્ય યુનિવર્સિટીમાંથી ઓછામાં ઓછા ૫૦% એકંદર ગુણ મેળવવા અનિવાર્ય છે. સાથે સાથે CAT, GMAT, GRE ટેસ્ટ પાસ કરેલ હોવી જોઈએ અથવા IIMની એન્ટ્રન્સ ટેસ્ટ આપવાની રહેશે. વર્કિંગ પ્રોફેશનલ્સ અને ઉદ્યોગસાહસિકો માટે ત્રણ વર્ષના ગ્રેજ્યુએશન પછી ઓછામાં ઓછા ત્રણ વર્ષનો ફુલ ટાઈમ અનુભવ, અથવા ચાર વર્ષના ગ્રેજ્યુએશન પછી ઓછામાં ઓછા બે વર્ષનો ફુલ ટાઈમ અનુભવ જરૂરી છે. આ કોર્સમાં ૩ મોડ્યુલ ઑફલાઈન જ્યારે અન્ય પ્રોગ્રામ ઓનલાઈન રહેશે. આ માટે વિદ્યાર્થીએ ૨૦ લાખ ફી ભરવી પડશે. મહત્વનું છે કે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની માંગ દિનપ્રતિદિન વધી રહી છે અને નીતનવા કોર્સ AI આધારિત આવી રહ્યા છે ત્યારે IIM અમદાવાદએ પણ AI આધારિત આ કોર્સ તૈયાર કર્યો છે.

### પાંચ રાઉન્ડ બાદ ૩૧,૮૦૦ સીટ ખાલી

# ગુજરાતમાં વિદ્યાર્થીઓનો પેરા મેડિકલમાંથી રસ ઓછો થયો

**કમિટીના જણાવ્યા મુજબ, કુલ ૫૧,૭૯૦ બેઠકો માંથી અત્યાર સુધીમાં માત્ર ૨૦,૯૨૦ બેઠકો ભરાઈ**

અમદાવાદ, તા.૬

ગુજરાતમાં વિદ્યાર્થીઓને પેરામેડિકલમાંથી રસ ઓછો થઈ રહ્યો તેમ લાગે છે. પાંચમા રાઉન્ડ બાદ પણ રાજ્યમાં પેરામેડિકલની ૩૧,૮૦૦ સીટ ખાલી રહી હતી.નર્સિંગ અને ફિઝિયોથેરાપી સહિતના ૧૦ મુખ્ય પેરામેડિકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ગુજરાત પ્રોફેશનલ નર્સિંગ એન્ડ એલાઈડ મેડિકલ એજ્યુકેશનલ કોર્સીસ (જીપીએનએ એમઈસી) દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ માટે બેઠક ફાળવણીનો પાંચમો રાઉન્ડ જાહેર કરવામાં આવ્યો હતો. આ રાઉન્ડમાં કુલ ૭,૧૫૫ ઉમેદવારોએ ચોઈસ ફિલિંગ કરી હતી. તેમની પસંદગીઓના આધારે, ૨,૮૩૩ વિદ્યાર્થીઓને નવી ફાળવણી કરવામાં આવી હતી.જ્યારે ૩૧૦ વિદ્યાર્થીઓની અગાઉના રાઉન્ડમાંથી બેઠક અપગ્રેડ થઈ હતી. આમ, પાંચમા રાઉન્ડમાં કુલ ૩,૧૪૩ ઉમેદવારોએ પ્રવેશ મેળવ્યો હતો.કમિટીના જણાવ્યા મુજબ, કુલ ૫૧,૭૯૦ બેઠકો માંથી અત્યાર સુધીમાં ૨૦,૯૨૦ બેઠકો ભરાઈ ગઈ છે, જ્યારે પાંચ રાઉન્ડ પછી પણ ૩૧,૮૭૦ બેઠકો ખાલી રહી છે. વર્તમાન રાઉન્ડમાં જે વિદ્યાર્થીઓને બેઠકો ફાળવવામાં આવી છે, તેમને ૧૧ નવેમ્બર સુધીમાં તેમના પ્રવેશ કન્ફર્મ કરવા માટે સૂચના આપવામાં આવી હતી.ઓક્ઝિલરી નર્સ મિડવાઈફ (એએનએમ), નર્સિંગ, જનરલ નર્સિંગ અને મિડવાઈફરી (જીએનએમ), ફિઝિયોથેરાપી, ઓક્યુપેશનલ થેરાપી, પ્રોસ્થેટિક્સ અને ઓર્થોટિક્સ જેવા અભ્યાસક્રમોમાં મોટાભાગની સરકારી બેઠકો ભરાઈ ગઈ હતી.

### એરપોર્ટ પર મુસાફરોની કતારો લાગી

# દેશભરમાં એર ઈન્ડિયાનું સર્વર ઠપ થઈ જતાં પ્રવાસીઓ રઝળી પડ્યાં

**સર્વરમાં તકલીફના કારણે વિમાન ઉપડવામાં મોડું થતાં ઘણા પ્રવાસીઓની કનેક્ટિંગ ફ્લાઇટ છૂટી ગઈ હતી**

નવી દિલ્હી, તા.૬

એર ઈન્ડિયાનું સર્વર દેશભરમાં ડાઉન થતાં હજારો પ્રવાસીઓએ ભારે હાલાકીનો સામનો કરવાનો આવ્યો છે.

આખા દેશમાં કેટલાય એરપોર્ટ પર એર ઈન્ડિયાનું સર્વર ડાઉન થઈ ગયું. સર્વર ડાઉન થવાના કારણે દિલ્હીના ઈન્ટરનેશનલ એરપોર્ટ પર લાંબી-લાંબી લાઈનો જોવા મળી હતી.દિલ્હી એરપોર્ટ સાથે જોડાયેલા અધિકારીએ એ વાતને સમર્થન આપ્યું હતું કે દેશના બધા એરપોર્ટ પર એર ઈન્ડિયાનું સર્વર ડાઉન થયાના સમાચાર મળ્યાં છે. આ સમસ્યાનો ટૂંક સમયમાં નીવેડો આવશે એમ તેમણે જણાવ્યું હતું. કેટલાક પ્રવાસીઓએ દાવો કર્યો હતો કે એર ઈન્ડિયાના સર્વરમાં ગઈકાલથી તકલીફ આવી રહી હતી.સર્વરમાં તકલીફના કારણે વિમાન ઉપડવામાં મોડું થતાં ઘણા પ્રવાસીઓની કનેક્ટિંગ ફલાઈટ છૂટી ગઈ હતી .તેના કારણે તેઓ હેરાનપરેશાન થઈ ગયા હતા. તેઓએ ફલાઈટ ફરીથી બૂક કરાવવી પડી હતી. આમ સર્વર ડાઉન થવાના કારણે તેનું કામકાજ મેન્યુઅલી કરવું પડી રહ્યુ છે. તેના કારણે ઘણી વાર લાગી રહી છે. ચેક ઈનથી લઈને બોર્ડિંગ પાસ સુધીની આખી પ્રક્રિયા જાણે ધીમી પડી ગઈ છે.

### ચાંદીના ભાવમાંપણ આજે૧,૮૦૦નોમોટોવધારો

# ચાંદીની કિંમતમાં મોટો ઉછાળો, સોનું પણ થયું મોંઘું

**ગુરુવારે વેપારીઓ દ્વારા નવી ખરીદી અને મજબૂત વૈશ્વિક સંકેતોને કારણે સોના અને ચાંદીના ભાવ ફરી વધ્યા છે**

નવી દિલ્હી, તા.૬

સતત બે દિવસના ઘટાડા પછી ગુરુવારે વેપારીઓ દ્વારા નવી ખરીદી અને મજબૂત વૈશ્વિક સંકેતોને કારણે સોના અને ચાંદીના ભાવ ફરી વધ્યા છે. આજે દિલ્હીમાં ૯૯.૯% શુદ્ધતાવાળા સોનાના ભાવ ૬૦૦ વધીને ૧,૨૪,૭૦૦ પ્રતિ ૧૦ ગ્રામ થયા હતા. ૯૯.૯% શુદ્ધતાવાળા સોનાના ભાવ પાછલા બજાર સત્રમાં ૧,૨૪,૧૦૦ પ્રતિ ૧૦ ગ્રામ પર બંધ થયા હતા. ઓલ ઈન્ડિયા સરાફા એસોસિએશનના જણાવ્યા અનુસાર, ગુરુવારે ૯૯.૫% શુદ્ધતાવાળા સોનાના ભાવ પણ ૬૦૦ વધીને ૧,૨૪,૧૦૦ પ્રતિ ૧૦ ગ્રામ પર બંધ થયા હતા. મંગળવારે તે ૧,૨૩,૫૦૦ પ્રતિ ૧૦ ગ્રામ પર બંધ થયા હતા. સોના ઉપરાંત, ચાંદીના ભાવમાં પણ આજે ૧,૮૦૦નો મોટો વધારો જોવા મળ્યો. આ વધારા સાથે દિલ્હી બુલિયન બજારમાં ચાંદીના ભાવ ૧,૫૩,૩૦૦ પ્રતિ કિલોગ્રામ પર બંધ થયા. ચાંદીના ભાવ મંગળવારે પ્રતિ કિલોગ્રામ ૧૫૧,૫૦૦ પર બંધ થયા. બુધવારે પ્રકાશ પર્વ (ગુરુ નાનક દેવના જન્મની ઉજવણી) ના કારણે બુલિયન બજારો બંધ રહ્યા હતા. વૈશ્વિક સ્તરે, સ્પોટ ગોલ્ડ $28.96 અથવા ૦.૭૩ ટકા વધીને $4,008.19 પ્રતિ ઔંસ થયું, જ્યારે સ્પોટ સિલ્વર ૧.૨૨ ટકા વધીને ઈ૪૮.૬૦ પ્રતિ ઔંસ થયું. સુરક્ષિત-સ્વર્ગ માંગ અને યુએસ ડોલરમાં થોડો ઘટાડો થવાને કારણે ગુરુવારે સોનાના ભાવ વધ્યા છે. ચાલુ સરકારી શટડાઉન યુએસ ઈતિહાસમાં સૌથી લાંબો બન્યો છે, જેનો કોઈ ઉકેલ દેખાતો નથી. ૐ૪ઌૠ સિક્યોરિટીઝના સિનિયર એનાલિસ્ટ (કોમોડિટીઝ) સૌમિલ ગાંધીએ જણાવ્યું હતું કે, "આ લાંબા સમય સુધી બંધ રહેવાથી નાણાકીય બજારોમાં અનિશ્ચિતતા સર્જાઈ છે, જેનો ફાયદો સલામત-સ્વર્ગ કિંમતી ધાતુઓને થઈ રહ્યો છે."

ડોલર ઈન્ડેક્સ ૦.૨૯ ટકા ઘટીને ૯૯.૯૭ થયો, જેનાથી કિંમતી ધાતુઓને વધુ વેગ મળ્યો. LKP સિક્યોરિટીઝના વાઈસ પ્રેસિડેન્ટ અને રિસર્ચ એનાલિસ્ટ (કોમોડિટી અને કરન્સી) જતીન ત્રિવેદીએ જણાવ્યું હતું કે, "યુએસ-ચીન વેપાર સોદાની આસપાસનો આશાવાદ સોનાના ભાવમાં વધુ વધારાને મર્યાદિત કરી શકે છે. બજારના સહભાગીઓ સંકેતો માટે આગામી યુએસ મેન્યુફેક્ચરિંગ અને નોન-મેન્યુફેક્ચરિંગ PMI ડેટા પર નજીકથી નજર રાખશે."

છેલ્લા કેટલાક દિવસોમાં ભારતમાં સોના અને ચાંદીના ભાવ ઝડપથી તૂટી રહ્યા છે. આનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે સ્થાનિક બજારમાં ૨૪ કેરેટ સોનાના ૧૦ ગ્રામના ભાવમાં માત્ર ૧૦ ટ્રેડિંગ દિવસોમાં ૧૦,૦૦૦ થી વધુનો ઘટાડો થયો છે.

### બંને પાળીમાં ગણ્યા ગાઠ્યા વિદ્યાર્થીઓ

# નવા સત્રના પહેલા દિવસે વિદ્યાર્થીઓની પાંખી હાજરી

**હજી પણ વીક એન્ડ સુધી સંખ્યામાં કોઈ વધુ વધારો થાય તેવી શક્યતા નહિવત જોવા મળી રહી છે**

સુરત, તા.૬

સુરત મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળામાં આજથી પ્રારંભ થયો છે પરંતુ બન્ને પાળીમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘણી ઓછી જોવા મળી હતી. જોકે, હજી પણ વીક એન્ડ સુધી સંખ્યામાં કોઈ વધુ વધારો થાય તેવી શક્યતા નહિવત જોવા મળી રહી છે. હાલ પડેલા દિવાળી વેકેશન બાદ આજથી સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાનું નવું સત્ર શરૂ થયું છે. હાલ શિયાળા સત્રનો પ્રારંભ થઈ ગયો છે. આજે પહેલા દિવસે સવારની પાળીમાં તો ગણ્યા ગાઠ્યા વિદ્યાર્થીઓ જોવા મળ્યા હતા. ત્યારબાદ બપોર પાળીમાં ઘણી શાળામાં માંડ વીસ પચીસ ટકા જેટલા વિદ્યાર્થીઓ જોવા મળ્યા હતા. જેના કારણે આજે પહેલા દિવસે શિક્ષણ સમિતિની શાળામાં શિક્ષણનો પ્રારંભ ધીમો થયો છે. હાલ જે સ્થિતિ છે તે જોતા આગામી સોમવારથી વધુ હાજરી જોવા મળે તેવી શક્યતા વ્યક્ત થઈ રહી છે.

### રૂ.૧૦૦ની પાણીની બોટલ, રૂ.૭૦૦ની કોફી?

# મલ્ટિપ્લેક્સમાં મનસ્વી ભાવ પર સુપ્રીમ કોર્ટે કરી લાલ આંખ

**દર્શકો ઉપરાંત કેટલાક ફિલ્મ પ્રોડ્યુસર્સ મલ્ટીપ્લેક્સમાં ટીકીટના ઊંચા ભાવ સામે અવાજ ઉઠાવ્યા**

મુંબઈ, તા.૬

મલ્ટિપ્લેક્સમાં ફિલ્મ જોવા જતા દરેક વ્યક્તિનો અનુભાવ હશે કે ફિલ્મની ટિકિટ ઉપરાંત ખાણીપીણી ખર્ચ ખુબ જ વધી જતો હોય છે. મલ્ટિપ્લેક્સમાં પોપકોર્ન, કોલ્ડ ડ્રિંક્સ અને પાણી માટે ઊંચા ભાવ વસુલવામાં આવે છે, એવા સુપ્રીમ કોર્ટે મલ્ટિપ્લેક્સમાં ખાણીપીણીના મનસ્વી ભાવો પર કડક ટિપ્પણી કરી હતી.એક કેસની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટના ન્યાયધીશ વિક્રમ નાથ અને જસ્ટિસ સંદીપ મહેતાની બેન્ચે કહ્યું, “મલ્ટિપ્લેક્સમાં પાણીની બોટલનો ભાવ ૧૦૦ રૂપિયા અને કોફીનો ભાવ ૭૦૦ રૂપિયા સુધી હોય છે , આ કિંમતો પર કાબુ રાખવો જોઈએ, પહેલાથી જ લોકો સિનેમામાં ઓછા જઈ રહ્યા છે. કિંમતો વાજબી રાખો નહીં તો સિનેમા ખાલી થઈ જશે.’’ કર્ણાટક સરકારે મલ્ટિપ્લેક્સમાં ફિલ્મ ટિકિટના ભાવ પર રૂ.૨૦૦ની મર્યાદા મુકી હતી, જેની સામે મલ્ટિપ્લેક્સ એસોસિએશન ઓફ ઈન્ડિયાએ કર્ણાટક હાઈકોર્ટના સરકારના નિર્ણયને પડકાર્યો હતો, હાઈકોર્ટે સરકારના નિર્ણયને યોગ્ય ઠેરવ્યો હતો. હાઈકોર્ટના ચુકાદા સામે એસોસિએશને સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. કોર્ટે ડિવિઝન બેન્ચે ટિકિટના ભાવ પર લાદવામાં આવેલી મર્યાદા અસ્થાયી રૂપે સ્થગિત કરી દીધી છે, પરંતુ કડક શરતો લાદી છે.કર્ણાટક સરકારે જણાવ્યું કે તેમનો હેતુ સામાન્ય લોકો માટે ફિલ્મો જોવાની સુવિધા સુલભ બને એવો છે. મલ્ટિપ્લેક્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા તરફથી હાજર થયેલા વરિષ્ઠ વકીલ મુકુલ રોહતગીએ દલીલ કરી હતી કે, “તાજ હોટેલમાં કોફીનો ભાવ રૂ.૧,૦૦૦ છે. શું તેના પર પણ નિયંત્રણ મુકવામાં આવશે? તે પસંદગીનો વિષય છે. જો હોલ ખાલી થઈ જાય, તો થવા દો. લોકો સામાન્ય સિનેમા હોલમાં જઈ શકે છે. મલ્ટિપ્લેક્સ શા માટે આવે છે?’’ મુકુલ રોહતગીની દલીલનો સામે જસ્ટિસ નાથે કહ્યું, “હવે સામાન્ય સિનેમા હોલ બચ્યા જ ક્યા છે? અમે ડિવિઝન બેન્ચ સાથે સહમત છીએ; ટિકિટનો ભાવ ૨૦૦ રૂપિયા જ રાખવો જોઈએ.’’ દર્શકો ઉપરાંત કેટલાક ફિલ્મ પ્રોડ્યુસર્સ મલ્ટીપ્લેક્સમાં ટીકીટના ઊંચા ભાવ સામે અવાજ ઉઠાવી ચુક્યા છે. કરણ જોહરે ગત વર્ષે કહ્યું હતું કે ચાર લોકો માટે ફિલ્મ જોવા માટે હવે ૧૦,૦૦૦ રૂપિયા સુધીનો ખર્ચ થાય છે.કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રીએ ૨૦૨૩માં કરાયેલા સર્વે મુજબ સરેરાશ મલ્ટિપ્લેક્સમાં ફિલ્મ જોવાનો પ્રતિ વ્યક્તિ ખર્ચ રૂ. ૧,૮૦૦ થાય છે.

### બિહારમાં ૧૨૧ બેઠકો માટે મતદાન પૂર્ણ

# બિહારમાં પહેલા તબક્કામાં ૬૦.૨૫ ટકા મતદાન થયું

**૧૨૨ બેઠકો માટે મતદાન બીજા તબક્કામાં ૧૧ નવેમ્બરે થશે : પરિણામો ૧૪ નવેમ્બરે જાહેર કરવામાં આવશે**

નવી દિલ્હી, તા.૬

બિહાર વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં ૧૮ જિલ્લાઓની ૧૨૧ બેઠકો માટે મતદાન પૂર્ણ થયું છે. આ રાજકીય લડાઈમાં કેટલીક મુખ્ય બેઠકોમાં તેજસ્વી યાદવની રાઘોપુર બેઠક, તેજ પ્રતાપ યાદવની મહુઆ અને તારાપુર બેઠકનો સમાવેશ થાય છે, જ્યાં નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી ચૂંટણી લડી રહ્યા છે.

લાલુ પ્રસાદ યાદવનો પરિવાર અને નીતિશ કુમાર જેવા લોકો મતદાન કરી ચૂક્યા છે. અન્ય બેઠકો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે જેમાં અલીનગર, જ્યાં ગાયિકા મૈથિલી ઠાકુર ભાજપની ટિકિટ પર ચૂંટણી લડી રહી છે, લખીસરાય, જે નાયબ મુખ્યમંત્રી વિજય કુમાર સિંહા ચૂંટણી લડી રહ્યા છે, મોકામા, જ્યાં જેડીયુ ઉમેદવાર અનંત સિંહ ચૂંટણી લડી રહ્યા છે, જેમની તેમના વિરોધી દુલાર ચંદ યાદવની હત્યાના સંબંધમાં ધરપકડ કરવામાં આવી છે, અને રઘુનાથપુર, જે આરજેડી ઉમેદવાર ઓસામા શાહાબ, સ્વર્ગસ્થ મોહમ્મદ શહાબુદ્દીનના પુત્ર ચૂંટણી લડી રહ્યા છે.

૧૨૨ બેઠકો માટે મતદાન બીજા તબક્કામાં ૧૧ નવેમ્બરે થશે. પરિણામો ૧૪ નવેમ્બરે જાહેર કરવામાં આવશે. ચૂંટણી પંચે મતદાન માટે વિસ્તૃત સુરક્ષા વ્યવસ્થા કરી છે અને મતદાન મથકો પર સર્વેલન્સ કેમેરા લગાવ્યા છે. કમિશન લાઈવ વેબકાસ્ટિંગ દ્વારા તમામ મતદાન મથકોનું નિરીક્ષણ કરશે. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, પ્રથમ તબક્કામાં ૩ કરોડથી વધુ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરશે, જેમાં ૧.૯૮ કરોડ પુરુષો, ૧.૭૬ કરોડ મહિલાઓ અને થર્ડ જેન્ડર મતદારોનો સમાવેશ થાય છે. આ તબક્કો ઘણા અગ્રણી રાજકીય નેતાઓનું ભાવિ નક્કી કરશે. બિહાર વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ના પહેલા તબક્કાનું મતદાન ગુરુવારે (૬ નવેમ્બર) શરૂ થઈ ગયું છે. ૧૨૧ બેઠકો પર આજે સવારે સાત વાગ્યાથી વોટિંગ શરૂ થયું. ચૂંટણીના પહેલા તબક્કામાં ૩.૭૫ કરોડ મતદારો ૧૩૧૪ ઉમેદવારોના ભવિષ્યનો નિર્ણય કરશે. જેમાં મહાગઠબંધનના મુખ્યમંત્રી પદનો ચહેરો તેજસ્વી યાદવ અને ભાજપના ઉમેદવાર સમ્રાટ ચૌધરી સિવાય વિજયકુમાર સિન્હાની સાથે-સાથે ૧૬ મંત્રીઓનું ભાવિ દાવ પર છે.

તેજસ્વી યાદવ રાઘોપુર બેઠક પરથી સતત ત્રીજી જીત મેળવવાની કોશિશમાં છે. તેમના મુખ્ય પ્રતિસ્પર્ધી ભાજપના સતીશ કુમાર છે, જેમણે ૨૦૧૦માં જનતા દળ (યુનાઈટેડ)ની ટિકિટ પર તેજસ્વીની માતા અને ભૂતપૂર્વ મુખ્યમંત્રી રાબડી દેવીને હરાવ્યા હતા. જન સુરાજ પાર્ટીએ રાઘોપુર બેઠક પરથી ચંચલ સિંહને મેદાનમાં ઉતાર્યા છે.

RJDના તેજસ્વી પ્રસાદ યાદવ, ભાજપના નેતાઓ સમ્રાટ ચૌધરી અને મંગલ પાંડે, અને JDUના શ્રવણ કુમાર અને વિજય કુમાર ચૌધરી સહિત અનેક વરિષ્ઠ નેતાઓનું ભાવિ પ્રથમ તબક્કામાં નક્કી થશે. તેજ પ્રતાપ યાદવ પણ પ્રથમ તબક્કામાં ચૂંટણી લડી રહ્યા છે. ૨૦૨૦માં ત્રણ તબક્કામાં મતદાન થયું હતું. રાષ્ટ્રીય લોકશાહી જોડાણ (NDA) એ ૧૨૫ બેઠકો જીતી હતી, જ્યારે વિપક્ષી મહાગઠબંધને ૧૧૦ બેઠકો જીતી હતી.

### કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીનું વચન

# કેન્દ્રમાં અમારી સરકાર બની તો બિહારને મળશે દેશનું સૌથી મોટું વિશ્વવિદ્યાલય

**સ્વાસ્થ્ય સેવા પર દુઃખ વ્યક્ત કરતા કહ્યું કે બિહારમાં આજે લોકો જીવવા માટે નહીં પણ મરવા માટે હોસ્પિટલમાં જાય છે**

પટણા, તા.૬

કોંગ્રેસ નેતા અને લોકસભાના નેતા રાહુલ ગાંધી પૂર્ણિયાના કસબા વિધાનસભા વિસ્તારમાં આયોજિત એક વિશાળ જનસભાને સંબોધિત કરતી વખતે બિહારની પરિસ્થિતિને લઈને નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (NDA) સરકાર પર આકરા પ્રહાર કર્યા હતા. રાહુલ ગાંધીએ રાજ્યમાં શિક્ષણ અને સ્વાસ્થ્ય પર સવાલ ઉઠાવવાની સાથે-સાથે મહાગઠબંધન માટે કેન્દ્ર અને રાજ્યમાં નિર્ણાયક જીત થશે. રાહુલ ગાંધીએ વચન આપ્યું કે, કેન્દ્રમાં અમારી સરકાર બની તો બિહારને મળશે દેશનું સૌથી મોટું વિશ્વવિદ્યાલય બનશે. આ દરમિયાન જનસભામાં કસબા વિધાનસભા વિસ્તારમાં મહા ગઠબંધનના ઉમેદવાર મોહમ્મદ ઈરફાન આલમ સ્ટેજ પર જ રડી પડતાં રાહુલ ગાંધી આગળ આવીને તેમને દિલાસો આપ્યો હતો.

રાહુલે કહ્યું કે, જ્યારે હું અહીંયા આવ્યો તો ઈરફાન આલમ રડી રહ્યા હતા. તમે ફક્ત એક ધારાસભ્યના પુત્ર નથી, પણ એક પોસ્ટમેનના પુત્ર પણ છો. અમને તમારા સંઘર્ષ પર ગર્વ છે. આ ચૂંટણી તમારી નથી, પરંતુ બિહારના દરેક યુવાનો અને દરેક ગરીબ વ્યક્તિની ચૂંટણી છે. લોકો આ વખતે તમને ધારાસભ્ય બનાવી રહ્યા છે.

રાહુલે ઈરફાન આલમ દ્વારા સામાન્ય લોકોના સંઘર્ષ અને સાદગીનું સન્માન કરવાનો પ્રયાસ કર્યો, જેનાથી સ્થાનિક લોકો સાથે ભાવનાત્મક જોડાણ બન્યું છે. રાહુલે બિહારની મૂળભૂત સમસ્યાઓ પર સીધા પ્રહાર કર્યા અને જો ઈન્ડિયા ગઠબંધન સરકાર બનાશે તો મોટા સુધારાઓનું વચન આપ્યું છે. સભાને સંબોધિત કરતી વખતે, રાહુલે પૂર્ણિયા સદરથી મહાગઠબંધનના સમર્પિત કોંગ્રેસ ઉમેદવાર જીતેન્દ્ર કુમાર અને કસબાથી ઈરફાન આલમ માટે મત માગ્યા.રાહુલે બિહારમાં સ્વાસ્થ્ય સેવાની પરિસ્થિતિ પર દુઃખ વ્યક્ત કર્યું હતું. તેમણે કહ્યું કે, બિહારમાં આજે લોકો જીવવા માટે નહીં પણ મરવા માટે હૉસ્પિટલમાં જાય છે. દિલ્હીમાં કરેલા આરોપોને લઈને રાહુલે ભાજપ પર લોકશાહીને તોડી પાડવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, વર્તમાન સરકાર બંધારણ પર આક્રમણ કરી રહી છે અને મત ચોરી કરીને ચૂંટણી જીતવાનું કાવતરું ઘડી રહી છે.

તેમણે કેન્દ્ર સરકાર અને નીતિશ કુમાર પર જોરદાર નિશાન સાધતાં કહ્યું કે, નીતિશ કુમાર ૨૦ વર્ષથી બિહારના મુખ્યમંત્રી છે, પરંતુ તેમણે બિહારના યુવાનોને મજૂર બનાવી દીધા છે. બિહારમાં ઉદ્યોગ માટે જમીન નથી, પરંતુ સરકાર પાસે અદાણી માટે જમીન છે. હરિયાણાની ચૂંટણી મત ચોરીથી જીતી હતી. હરિયાણાની મતદાર યાદીમાં બે બૂથ પર ૨૦૦ વખત એક મહિલાનો ચહેરો બતાવવામાં આવ્યો હતો.

### મહામંત્રી, ઉપપ્રમુખ અને મંત્રીની સંખ્યા વધારવા વિચારણા

# વડોદરા શહેરમાં ભાજપની જમ્બો કારોબારી બનશે

**હાલ ત્રણ મહામંત્રી છે તેની જગ્યાએ પાંચ મહામંત્રીની નિમણૂક કરવાની વિચારણા છે**

વડોદરા, તા.૬

વડોદરા શહેર ભાજપની નવી કારોબારીની રચના કરવાની કામગીરી હાથ ધરાઈ છે ત્યારે વિવિધ હોદ્દા પર થતી નિમણૂકની સંખ્યા વધારવા સાથે અલગ અલગ મોરચામાં પણ વધુ સભ્યો સમાવીને આ વખતે જમ્બો સમિતિની રચના કરવાનું આયોજન વિચારણા હેઠળ છે. ખાસ કરીને ચૂંટણીનું વર્ષ હોવાથી કાર્યકરો નારાજ ન થાય અને મહત્તમ કાર્યકરોની ક્યાંક ને ક્યાંક નિમણૂક થાય તે અંગે પાર્ટીએ હાથ ધરેલી વિચારણા અંતર્ગત મહાકાય કમિટી બને તેવી શક્યતા જોવાઈ રહી છે.

વડોદરા શહેર ભાજપના પ્રમુખની નિમણૂક બાદ હવે મહામંત્રી, ઉપપ્રમુખ, મંત્રી અને પોષાધ્યક્ષ (ખજાનચી)ની નિમણૂક માટે પક્ષે કવાયત હાથ ધરી છે. વિવિધ હોદ્દા પર નિમણૂક અંતર્ગત પ્રદેશના અગ્રણીઓ અત્રે આવીને ધારાસભ્યો તથા અન્યોને તેમની રજૂઆત સાંભળ્યા બાદ એ અંગેનો અહેવાલ પ્રદેશ સુધી રજૂ કરવાની કામગીરી કરાઈ હતી. આ વચ્ચે ભાજપમાં વધતા કાર્યકર્તાઓની સંખ્યાને ધ્યાનમાં લેતા હવે વિવિધ હોદ્દા પર નિમણૂકોની સંખ્યા વધારવામાં આવે તેવું તેવી ચર્ચા કાર્યકરોમાં સાંભળવામાં આવી છે. જાણવા મળ્યા મુજબ, હાલ ત્રણ મહામંત્રી છે તેની જગ્યાએ પાંચ મહામંત્રીની નિમણૂક કરવાની વિચારણા છે. તેવી જ રીતે આઠ ઉપપ્રમુખ અને આઠ મંત્રીની જગ્યાએ ૧૧ ઉપપ્રમુખ અને ૧૧ મંત્રીની નિમણૂક થઈ શકે છે. વોર્ડ કારોબારીમાં બેથી ત્રણ સભ્યો લેવામાં આવતા હોવાથી તેઓની સંખ્યા ૮૦થી ૮૫ની આસપાસ રહેતી હોય છે તેની જગ્યાએ કારોબારીમાં ચારથી પાંચ સભ્યો લેવાની વિચારણા છે, જેથી કારોબારી સભ્યો પણ વધી શકે તેવું અનુમાન છે. આ ઉપરાંત વિવિધ મોરચા જેમકે યુવા મોરચો, એસ.સી. એસ.ટી. મોરચો, મહિલા મોરચો તમામ મોરચામાં કાર્યકરોની સંખ્યા વધારવાની શક્યતા જોવામાં આવી રહી છે. જેથી પક્ષના વધુને વધુ કાર્યકર્તાઓને ક્યાંક ને ક્યાંક યોગ્ય હોદ્દા મળી શકે. આવનાર સ્થાનિક સ્વરાજની સંસ્થાની ચૂંટણીમાં કોઈ સભ્ય નારાજ થાય તે બાબત હાલ પક્ષને પોસાય તેમ નથી!

# રાજુલાનાં મોવડીયા દાદાનાં મંદિર પાસે દિલધડક મોકડ્રીલ યોજાઈ



ભારતસરકારનાનેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (NDMA) દ્વારા દેશના તમામ જિલ્લાઓમાં પુર સંબંધિત મોક એકસરસાઈઝ કરવા માટે સૂચના આપવામાં આવી હતી. આ તૈયારીના ભાગરૂપે રાજુલા તાલુકામાં ગુરૂવારે મોવડીયા દાદા મંદિર, આગરિયા જકાતનાકા, રાજુલા પાસે પુરની પરિસ્થિતિમાં રાહત– બચાવની દિલધડક મોકડ્રીલ યોજાઈ હતી. તા. ૬ નવેમ્બર,૨૦૨૫નારોજઅમરેલીજિલ્લા વહીવટી તંત્ર તેમજ NDRF ના સંકલનથી તેમજ પ્રાંત અધિકારી ડો.મેહુલ બરાસરા તેમજ ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના ડી.પી.ઓ.ના માર્ગદર્શન હેઠળ રાજુલા તાલુકાના અગરિયા જકાતનાકા પાસે આવેલા મોવડીયા દાદાના મંદિર પાસે ૬ થી ૭ દર્શનાર્થીઓ બોટમાં જવા સવાર હતા અને બોટપલ્ટી મારી જતા સવાર લોકો પાણીમાં ડૂબ્યા હતા. જિલ્લા ડિઝાસ્ટર કંટ્રોલરૂમનેઆમોકઘટનાનીજાણકરાતા તાત્કાલિક રાજુલા સ્થિત NDRF ની ટીમ અને સ્થાનિક આપદા મિત્રો તેમજ ફાયરવિભાગનીમદદથીતમામનુંરેસ્કયુ કરવામાં આવ્યું. અંતેઆઘટનાનેમોકડ્રીલ જાહેરકરવામાંઆવી. રાજુલાતાલુકાઅને જાફરાબાદ તાલુકાના નિચાણવાળા ગામોમાંજયાંપુરનીસ્થિતિઉદભવતીહોય ત્યાં પુર અંગેની આ એકસરસાઈઝ દ્વારા વિવિધવિભાગોએસંયુક્તમોક અભ્યાસ દ્વારાઆગોતરીતૈયારીનોઅનુભવમેળવ્યો હતો. આ મોકડ્રીલ નિવાસી અધિક કલેકટર, ડીઝાસ્ટર શાખા અમરેલીના માર્ગદર્શનમાં પ્રાંત અધિકારી રાજુલાની દેખરેખનીચે, મામલતદારરાજુલા, તાલુકા વિકાસઅધિકારીરાજુલા, ચીફઓફિસર રાજુલા, તાલુકા હેલ્થ ઓફિસર રાજુલા, પોલીસ ઈન્સપેકટર રાજુલા, નાયબ કાર્યપાલકઈજનેરમાર્ગઅનેમકાન–સ્ટેટ રાજુલા, નાયબ કાર્યપાલક ઈજનેર માર્ગ અનેમકાન (પંચાયત) રાજુલા, નાયબ કાર્યપાલકઈજનેર, સિંચાઈ ધાતરવડી, નાયબ કાર્યપાલક ઈજનેર, પી.જી.વી.સી.એલ, કમાન્ડન્ટ, હોમગાર્ડઝયુનિટ, રાજુલાનાસંકલનથી સંપન્નથઈ હતી.

### શિયાળુ પાકના વાવેતરમાં

## ઉગાવાનો પ્રશ્ન ટાળવા ખેડૂતોએ જમીન સૂકી થાય પછી જ વાવેતર કરવું હિતાવહ

**પાકને રોગો સામે રક્ષણ આપવા બિયારણને ફુગનાશક દવાનો પટ આપવો જરૂરી**

અમરેલી, તા. ૬

કમોસમી વરસાદ બાદ ખેડૂતોમાટેશિયાળુપાકનાવાવેતરસંદર્ભે ખેતીવાડી વિભાગે ખેડૂતો માટે જરૂરી માર્ગદર્શનજાહેરકર્યુંછે.

શિયાળુ પાકના વાવેતર સંદર્ભે ચોમાસું પાક પૂર્ણ થતો હોય તો શિયાળુંપાકનુંસમયસર આયોજન કરવું, રવિ સિઝનમાં વાવેતર માટે ઘઉં, જીરૂ, ચણા, ધાણા વગેરે મુખ્ય પાકોનો સારો ઉગાવામાટેઠંડુઅનેસૂકુંહવામાનમાફક આવે છે.

હાલ કમોસમી વરસાદથી જમીનનું તાપમાન ઠંડુ હોય વાતાવરણ ફરીથી સૂકું બને અને જમીન પુરી રીતે સુકાય પછી જ પાકોનું વાવેતર કરવું હિતાવહ છે, અન્યથા ઉગાવામાં પ્રશ્નો રહેશે અને જમીન જન્ય રોગો ઉગાવા વખતેઉપદ્રવ વધી રહે શકે તેમ છે.

પિયત સુવિધા આધારે પાકની પસંદગી કરવી જરૂરી છે, ઓછું પાણી હોય અથવા સંગ્રહિત ભેજથી વાવેતર હોય તો ચણાનું વાવેતર કરવું, સુધારેલ જાત અને સર્ટિફાઈડ બિયારણ વાપરવાનો આગ્રહ રાખવો. ચણામાં ગુજરાત ચણા– ૫ (પિયત) અથવા ગુજરાતચણા– ૬ (પિયત/બિ.પિયત)નું વાવેતર કરવું.

ચોમાસું પાક નીકળતો હોય તો શિયાળું પાકનું વાવેતર સમયસર કરવું, જેમ કે ઘઉંનું વાવેતર ૧૫– નવેમ્બર આસપાસ કરવું અને ચણાનું વાવેતર ૧૫ નવેમ્બર સુધીમાં કરવું. જમીન જન્ય રોગો અને અન્ય રોગ– જીવાત સામે રક્ષણ મેળવવા બિયારણને ફુગનાશક/જંતુ દવાનો પટ આપીને જ વાવેતર કરવું ખુબ જ જરૂરી છે.

પ્રાકૃતિક ખેતી માટે બીજામૃતનો પટ આપીને વાવેતર કરવું જોઈએ. જમીનમાંજીવામૃતઆપવુંજેથી ઘઉં, ચણા કે અન્ય શિયાળું પાકને યોગ્ય પોષણ મળી રહે. ઝીંક યુકત ખાતરનો ઉપયોગ કરવો, ચણામાં સુકારો ન આવે તે માટે જમીનમાં ટ્રાઈકોડર્મા, સ્યુડોમોનાસ આપવું.

ફાલ આવવાની અવસ્થાએ ચણામાં જાંબુડી થઈ છોડ સુકાઈ જવાના પ્રશ્નો થાય તો ફુલ સમયે પાણીમાં દ્રાવ્ય ૦૦–૫૨–૩૪ ખાતરનો છંટકાવ કરવો.

વધુ જાણકારી માટે સંબંધિત ગામના ગ્રામસેવક, વિસ્તરણ અધિકારી ખેતી, મદદનીશ ખેતી નિયામક પેટા વિભાગ અમરેલી કે ધારીનો સંપર્ક કરવો, આ ઉપરાત વૈજ્ઞાનિક જાણકારી માટે કૃષિ વિકાસકેન્દ્ર–અમરેલી અને જૂનાગઢ કૃષિ યુનિવર્ષિટીના કૃષિ વૈજ્ઞાનિકોનો સંપર્ક કરવો. તેમજ કૃષિ પ્રગતિ એપ્લિકેશન ઉપયોગથી અદ્યતન જાણકારી મેળવી શકાશે.

### પાના ૧ ઉપરનું ચાલું લાઠીનાં મુળીયાપાટ ગામે

દરમ્યાન પરિણીતાને આરોપી સુમીતભાઈએ હિરા શીખવાડેલ હોય, જેથી તેણી સાથે ભાઈ બહેનનો સંબંધ હતો. અને ત્યારબાદ ભાઈ માનેલા આરોપીના મિત્ર આરોપી રવિભાઈની સાથે પરિણીતાને પ્રેમ સંબંધ બંધાયેલ હતો.

પરંતુ છેલ્લા એકાદ વર્ષથી પરિણીતાએ આરોપી રવિભાઈ સાથે વાતચીત કે સંબંધનો વ્યવહાર રાખતા ના હોય. જે વાતનું બન્ને આરોપીઓએ મનદુઃખ રાખી તેણીએ માનેલા ભાઈ તથા પ્રેમી ગત તા. ૪ના રોજ તેણીના ઘરે મોટર સાયકલ લઈ આવી તેણીના ઘરમા પ્રવેશ કરી, બન્ને આરોપીઓએ પરિણીતાને આરોપી સાથે વાતચીત તથા સંબંધનો વ્યવહાર રાખવા દબાણ કરી ગાળો આપી, તેણીનો હાથ પકડી ઝપાઝપી કરી, ડાબા ગાલ ઉપર બે લાફા મારી બળ વાપરી, તથા જ્ઞાતી પ્રત્યે અપશબ્દો બોલી, હડધુત કરી, તેણીને તથા તેણીના પતિને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### પાના ૧ ઉપરનું ચાલું ખેડૂતે ૭ વિઘાની ડુંગળી

મિતિયાળા ગામના ખેડૂતે પોતાની ૭ વિઘા જમીનમાં વાવેલ ડુંગળીને પશુઓના ચરિયાણ માટે ખુલ્લી મૂકીને દિલદારી બતાવીહતીછે.

સાવરકુંડલા તાલુકાનાં મિતિયાળા ગામના અશરફ મકવાણાએ ૭ વિઘમાંડુંગળીનુંવાવેતર કર્યુંહતું. જેમાંમોંઘા ભાવના બિયારણ, ખાતર, મજૂરી સાથે ૭ વિઘા જમીનમાં કુલ ૫૦ હજારનો ખર્ચ કર્યા હતો. ત્યારબાદ ખેડૂતોની દિલદારી બતાવી અને પશુ માટે પોતાનું ખુલ્લું ખેતર મૂકી દીધું હતું.

ખેડૂતના મોમાં આવેલો કોળિયો ઝુંટવાઈ ગયોની હૈયાવરાળ પણ ખેડૂતોએ ઠાલવી હતી. ત્યારે ખેડૂતો અને માલધારીઓ હવે સરકાર સામે આશાઓ ભરી મીટ માંડી છે.

ખેડૂતોએ લાખો રૂપિયાનું રોકાણ કરીને સારો પાક ઉભો કર્યો હતો. કરમની કઠણાઈ અને કમોસમી વરસાદે ખેડૂતને રાતા પાણીએ રોવડાવ્યા છે. ત્યારે પશુઓ માટે ઘાસચારો પણ બચી શકયો નથી. ત્યારે પશુઓ માટે એક ખેડૂતે દિલદારી બતાવીને ખેડૂતે ૨૦૦ જેટલા ઘેટા, બકરા, ભેંસ, ગાય જેવા પશુઓને ઘાસચારો માટે ચરિયાણ શરૂ કરી દીધુંહતું.

### પાના ૮ ઉપરનું ચાલું સાવરકુંડલામાં માર્ગની મરામતમાં

રકમનું બનાવેલ છે.

આમ સાવરકુંડલા તાલુકાના માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) ના ઈન્ચાર્જ નાયબ કાર્યપાલક ઈજનેર અને એજન્સી શ્રી શિવઓમ કન્સ્ટ્રકશન પ્રા.લિ. અમરેલી સાથે મિલીભગત કરી માપ સાઈઝ કરતા તદ્દન ઓછી અને હલકી ગુણવત્તાનું મટીરીયલ્સ વાપરી અધધ રકમ રૂા. ૭૧,૬૩,૩૩૬/– ના કુલ ત્રણ બિલ બનાવેલ છે. જેમાં અંદાજે ૪૦ લાખથી ૪૫ લાખ રૂપિયાનો ભ્રષ્ટાચાર કરેલ છે. ભ્રષ્ટાચારના આ પેવર પટ્ટા થોડાક દિવસોમાં તૂટી ગયેલ હોય હાલમાં આ રોડ સાવ જર્જરીત હાલતમાં છે. પેવરપટ્ટાના કામમા એસ્ટીમેટની સ્પેસિફિકેશન મુજબ ડામર મિશ્ર કરવાનો હોય છે, તેના બદલે એજન્સી અને ઈન્ચાર્જ નાયબ કાર્યપાલક ઈજનેર દ્વારા માત્ર રોડ ઉપર ડામરનો છંટકાવ કરીને વેટમિકસ પાથરેલ છે. આમ માર્ગ અને મકાન (પંચાયત) પેટા વિભાગ સાવરકુંડલાના ઈન્ચાર્જ નાયબ કાર્યપાલક ઈજનેર અને એજન્સી શ્રી શિવઓમ કન્સ્ટ્રકશન પ્રા.લિ. અમરેલી દ્વારા મેળાપીપણુ કરી સરકારના લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર કરેલ છે. આ અંગે સાવરકુંડલા–હાથસણી રોડની ફરિયાદ અન્વયે ડામર પેવર પટ્ટામાંથી ડામર સેમ્પલના નમૂનાઓ પરીક્ષણ કરવામાં આવે અને પરીક્ષણ સરકારી પરીક્ષણ એજન્સી (જીઈઆરઆઈ) માં અમારી રૂબરૂ કરવામાં આવે, તેમજ આ અંગે તપાસ સમિતિ બનાવી તટસ્થપણે તપાસ કરી, આ ભ્રષ્ટાચારના કેન્દ્ર બિંદુ સમાન ઈન્ચાર્જ નાયબ કાર્યપાલક ઈજનેર વિરૂદ્ધ તપાસ કરી તેની વિરૂદ્ધ કડકમાં કડક શિક્ષાત્મક પગલાં ભરવામાં આવે, તેમજ તપાસના અંતે જે કંઈ રકમનો ભ્રષ્ટાચાર કરેલ હોય તેની રિકવરી પણ તેની પાસેથી અચૂક કરવામાં આવે, તેવી ફરિયાદ સાવરકુંડલા શહેર ભાજપ પૂર્વ મહામંત્રી રામદેવસિંહ ગોહિલ દ્વારા ઉચ્ચસ્તરે કરવામાં આવેલ છે.

સાવરકુંડલાના આવા ભ્રષ્ટાચારી અને લાંચીયા અધિકારી વિરૂદ્ધ ત્વરિત યોગ્ય કાર્યવાહી કરવા સરકારમાં સંબંધીત વિભાગમાં રજૂઆત કરવામાં આવેલ છે.

### મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ અંતર્ગત

## BLO હાઉસ ટુ હાઉસ મુલાકાતે આવવાનાં હોય તેને સહયોગ કરશો

**BLOને મતદારોએ કોઈપણ પ્રકારના દસ્તાવેજ આપવાની જરૂર નથી**

અમરેલી, તા. ૬

ભારતના ચૂંટણીપંચના આદેશ અનુસાર અમરેલી જિલ્લાના ૫ વિધાનસભાવિસ્તાર (૧)૯૪–ધારી (૨) ૯૫–અમરેલી (૩) ૯૬–લાઠી (૪) ૯૭–સાવરકુંડલા (૫) ૯૮–રાજુલામાં તા.૧/૧/૨૦૨૬ની લાયકાતની તારીખના સંદર્ભમાં ખાસ સઘન સુધારણા કાર્યક્રમ (Special intensive Revision–૨૦૨૬) જાહેર કરવામાં આવ્યો છે. જે કાર્યક્રમના ENUMERTAION વાળા તબકકામાં અમરેલી જિલ્લાના કુલ ૧,૩૭૧ મતદાનમથકોના બી.એલ.ઓ દ્વારા આજરોજ તા. ૪/૧૧/૨૫ (મંગળવાર)થી તા. ૪/૧૨/૨૫ (ગુરૂવાર) સુધી 'હાઉસ ટુ હાઉસ' મુલાકાત કરીને કુલ ૧૨,૭૧,૩૭૫ મતદારો પાસે Enumeration From (ગણતરી ફોર્મ–એન્યુમેરેશન ફોર્મ) આપવાનું શરૂ કર્યુંછે.

'હાઉસ ટુ હાઉસ' મુલાકાત દરમિયાન મતદારોએ કોઈપણ પ્રકારના દસ્તાવેજ આપવાની જરૂર નથી. મતદારયાદીમાં પોતાનું નામ તથા વર્ષ ૨૦૦૨ની મતદારયાદી https://voters.eci.gov.in/ પર ચકાસી શકાશે.

મતદાર રજિસ્ટ્રેશન સંબંધિત કોઈપણ માહિતી/માર્ગદર્શન માટે ૧૯૫૦ હેલ્પલાઈન પર સંપર્ક કરવો અથવા મતદારો બી.એલ.ઓનો સંપર્ક કરી શકશે. જેથી અમરેલી જિલ્લાના નાગરીકોને મતદારયાદી સુધારણા કાર્યક્રમ દરમ્યાન Enumeration From ભરવા બુથ લેવલ ઓફિસરોને સહયોગ કરવા જિલ્લા ચુંટણી અધિકારી અને કલેકટર, અમરેલી દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

### પાના ૮ ઉપરનું ચાલું જાબાળ અને નાની ધારી ગામનાં

શાંતિનગર ગામમાં ૧૦ વિઘા જમીનમાં મગફળીની ખેતી કરતા ખેડૂત મુકેશ ભેસાણીયાએ મગફળીનું વાવેતર કર્યું હતું. પણ કરમની કઠણાઈ હતી કે, સારા પાકની ઉપજ બાદ દિવાળી પછી કમોસમી વરસાદથી ખેડૂતોની દશા કફોડી થઈ ગઈ છે. અને અવિરત એક અઠવાડિયા સુધી વરસેલા કમોસમી વરસાદે મગફળીના પાકના પાથરા વરસાદી પાણીમાં ગરકાવ થઈ જતા ખેડૂતોના મો માં આવેલો કોળિયો જુટવાઈ ગયો હતો.

ત્યારે ખેડૂતોને પોતાની મહેનત અને કોઈ કમાણી હાથમાં આવે તેવી સ્થિતિ રહી નથી. જયારે સરકાર દ્વારા ટેકાના ભાવની મગફળીની જાહેરાત થતા શાંતિનગરના ખેડૂતે પોતાની ૧૦ વિઘાની મગફળીના પાથરાસળગાવી નાખ્યા હતા. અને કુદરતના કહેર સામે લાચાર થયેલા ખેડૂત ભાગીયાએ સરકાર સામે સહાયની અપેક્ષા ભરી મીટ માંડી હતી.

એક તરફ ખેડૂતો કમોસમી વરસાદે લાચાર કરી દીધા છે. ત્યારે સરકારની ટેકાના ભાવની જાહેરાત બાદ ખેડૂતોમાં રોષ વધુ જોવા મળ્યો હતો. અને થોડી ઘણી બચી ગયેલી મગફળી પણ સળગાવી દઈ સરકાર સામે રોષ પ્રગટ કર્યો હતો. ત્યારે આવા ખેડૂતે પણ સરકાર સામે હૈયાવરાળ ઠાલવી હતી. અને ચૂંટાયેલા નેતાઓને પણ ખેડૂતોએ પોતાની વેદનાઓ વ્યક્ત કરી હતી.

સાવરકુંડલા તાલુકાના જાબાળ ગામના ખેડૂતોએ મગફળીના પાથરા સળગાવીને ખેડૂતોએ સરકાર સામે વિરોધ નોંધાવ્યો છે. અને કમોસમી માવઠાના મારથી પીડિત ખેડૂતે મગફળીના પાથરા સળગાવ્યા હતા. જયારે ખાંભા તાલુકાના નાની ધારી ગામના ના ખેડુતે પણ પોતાના મગફળીના પાથરા સળગાવી નાખ્યા હતા. ત્યારે સરકાર યોગ્ય ખેડૂતોને સહાય કરે તોજ ખેડૂત બેઠો થઈ શકે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે તે વાસ્તવિકતા છે.

### પાના ૮ ઉપરનું ચાલું બાબરાનાં ફુલજર ગામે

ન બને માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવતા ગામ પોલીસ છાવણીમાં ફેરવાયું હતું.

બનાવની પ્રાપ્ત વિગત મુજબ મોટા દેવળીયા ગામે રહેતા મહેન્દ્રભાઈ ભાણાભાઈ વાળા (ઉ.વ. ૫૪), દેવકુભાઈ ભાભલુભાઈ વાળા (ઉ.વ. ૫૫), હરદીપ દેવકુભાઈ વાળા (ઉ.વ. ૨૯) સહિતના કુલજર ગામે રાત્રે પરિચિત્ર બાવાજી યુવકના લગ્નના ફુલેકામાં ઘોડા લઈને આવ્યા હતા ત્યારે ઘોડાને ટ્રેકટર અડી જતાં ખોડાભાઈ પદમાણી, મનસુખભાઈ પદમાણી સહિતના ૩૦ જેટલા શખ્સોના ટોળાએ ધોકા–પાઈપ સહિતના હથિયારો ધારણ કરી હુમલો કરતા ગંભીર ઈજાઓ થવાથી મહેન્દ્રભાઈ દેવકુભાઈ, હરદીપભાઈ સહિતનાને સારવાર માટે બાબરા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જેમાં મહેન્દ્રભાઈ વાળાનું મોત નિપજયુ હતું જયારે દેવકુભાઈ, હરદીપને વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

બનાવના પગલે જિલ્લા પોલીસ વડા ડીવાયએસપી, એલસીબી સહિતનો પોલીસ કાફલો કુલજર ગામે દોડી ગયો હતો. અને ચાંપતો બંદોબસ્ત ગોઠવાયો હતો. માથાકૂટ બાવાજી યુવાનના લગ્નના ફુલેકામાં એક જૂથના ઘોડાને ટ્રેકટર અડી જવા થઈ હતી. તો કેટલાક સમયથી ગ્રામ પંચાયતની ચૂંટણી બાબતે પણ બંને જૂથ વચ્ચે ઘર્ષણ ચાલુ હતું. જે ગઈરાત્રે લોહિયાળ બન્યું હતું. બનાવના પગલે બાબરા પોલીસે બંને જૂથની સામસામી ફરિયાદ નોંધી જૂથ સામે હત્યા, રાયોટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી ધરપકડની તજવીજ હાથ ધરી છે. બનાવના પગલે કુલજર ગામમાં શોકનો માહોલ છવાયો છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૬૦૫ | ૧૨૧૮ |
| ૨ | ગીરનાર શીંગ | ૭૯૮ | ૧૧૪૫ |
| ૩ | શિંગ મોટી | ૬૧૫ | ૧૨૮૦ |
| ૪ | શિંગદાણા | ૮૦૦ | ૧૧૦૦ |
| ૫ | તલ સફેદ | ૧૧૬૫ | ૨૮૧૦ |
| ૬ | તલ કાળા | ૨૪૩૦ | ૫૨૪૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૩૪૦ | ૨૩૫૦ |
| ૮ | બાજરો | ૩૨૫ | ૪૯૨ |
| ૯ | જુવાર | ૪૦૦ | ૫૭૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૪૨ | ૫૮૦ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૯૬ |
| ૧૨ | મગ | ૭૦૦ | ૧૫૪૫ |
| ૧૩ | અડદ | ૭૧૦ | ૧૧૯૦ |
| ૧૪ | ચણા | ૮૫૦ | ૧૧૩૧ |
| ૧૫ | ચણા દેશી | ૧૧૨૧ | ૧૧૨૧ |
| ૧૬ | સફેદ ચણા | ૯૮૧ | ૧૧૩૪ |
| ૧૭ | છોલે ચણા | ૧૮૨૦ | ૧૮૨૦ |
| ૧૮ | ચોળી | ૮૫૭ | ૮૫૭ |
| ૧૯ | તુવેર | ૮૦૫ | ૧૨૧૨ |
| ૨૦ | કપાસ | ૮૨૦ | ૧૫૫૩ |
| ૨૧ | એરંડા | ૧૧૮૯ | ૧૨૮૦ |
| ૨૨ | જીરૂ | ૩૫૦૦ | ૩૮૦૦ |
| ૨૩ | રાય | ૧૫૦૦ | ૧૫૩૫ |
| ૨૪ | ધાણા | ૧૧૩૦ | ૧૪૩૦ |
| ૨૫ | અજમા | ૧૧૦૦ | ૧૪૦૦ |
| ૨૬ | સોયાબીન | ૭૧૧ | ૮૮૬ |
| ૨૭ | રજકાનું બી | ૬૩૫૦ | ૭૫૭૫ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૬૦ | ૧૫૫૦ |
| ૨ | કપાસ કોડી | ૮૫૦ | ૧૧૫૧ |
| ૩ | મગફળી | ૬૧૨ | ૧૧૫૦ |
| ૪ | તલ સફેદ | ૨૦૨૬ | ૨૦૨૬ |
| ૫ | મગ | ૭૫૧ | ૭૫૧ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૮૧૧ | ૧૦૯૦ |
| ૨ | શીંગ મોટી | ૮૬૦ | ૧૧૫૨ |
| ૩ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૩૨૫ |
| ૪ | તલ કાળા | ૪૦૦૦ | ૪૨૩૦ |
| ૫ | જીરૂ | ૩૨૦૦ | ૩૬૦૧ |
| ૬ | કપાસ | ૧૧૦૦ | ૧૫૪૦ |
| ૭ | ઘઉં લોકવન | ૫૨૫ | ૬૨૫ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૩૫ | ૬૧૦ |
| ૯ | બાજરો | ૩૪૦ | ૫૫૮ |
| ૧૦ | જુવાર | ૫૭૦ | ૯૭૬ |
| ૧૧ | મગ | ૧૪૩૦ | – |
| ૧૨ | અડદ | ૧૦૭૧ | – |
| ૧૩ | ચણા | ૯૦૦ | ૧૦૫૩ |
| ૧૪ | તુવેર | ૧૦૮૬ | ૧૧૦૦ |
| ૧૫ | સોયાબીન | ૮૦૦ | ૮૭૫ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ એ | ૧૨૦૦ | ૧૫૧૧ |
| ૨ | કપાસ કોડી | ૮૦૧ | ૧૧૫૬ |
| ૩ | મગફળી | ૭૦૦ | ૯૭૬ |
| ૪ | ઘઉં | ૫૦૦ | ૫૦૦ |
| ૫ | ચણા | ૧૦૦૦ | ૧૦૩૦ |
| ૬ | બાજરો | ૩૦૦ | ૩૦૦ |
| ૭ | અડદ | ૭૧૦ | ૧૦૫૧ |
| ૮ | ધાણા | ૧૦૦૧ | ૧૧૦૦ |
| ૯ | શીંગ દાણા | ૧૦૮૫ | ૧૦૮૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૫૭૯ |
| ૨ | ઘઉં લોકવન | ૪૬૦ | ૫૩૪ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૬૦ |
| ૪ | તલ સફેદ | ૧૧૧૦ | ૧૯૦૫ |
| ૫ | ચણા | ૭૯૦ | ૧૧૪૫ |
| ૬ | શીંગદાણા | ૯૦૦ | ૧૧૦૫ |
| ૭ | ધાણા | ૧૩૨૦ | ૧૪૦૧ |
| ૮ | અડદ | ૮૫૫ | ૧૧૮૦ |
| ૯ | સોયાબીન | ૫૦૦ | ૮૩૫ |
| ૧૦ | મગફળી | ૫૦૦ | ૯૦૦ |
| ૧૧ | ચણા સફેદ | ૮૦૦ | ૧૨૫૫ |
| ૧૨ | તલ કાળા | ૩૮૦૦ | ૩૮૦૦ |
| ૧૩ | મકાઈ | ૪૨૭ | ૪૯૬ |
| ૧૪ | જુવાર | ૨૩૦ | ૨૩૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૨૦ | ૧૫૩૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૯૦૦ | ૧૨૪૦ |
| ૩ | મગફળી | ૯૭૫ | ૧૧૭૫ |
| ૪ | તલ સફેદ | ૧૫૭૦ | ૧૯૫૦ |
| ૫ | તલ કાળા | ૨૮૨૦ | ૪૫૦૦ |
| ૬ | જીરૂ | ૩૦૨૫ | ૩૬૭૫ |
| ૭ | ઘઉં | ૪૭૨ | ૫૪૮ |
| ૮ | મગ | ૧૨૭૦ | ૧૪૯૦ |
| ૯ | અડદ | ૮૮૦ | ૧૨૨૦ |
| ૧૦ | સોયાબીન | ૮૦૮ | ૮૫૨ |

# વડિયા, બગસરા, ધારી, ખાંભા, રાજુલા, જાફરાબાદ પછી
# હવે, સા.કુંડલા અને લીલીયામાં ખેડૂતોના દેવા માફીનો નાદ ગુંજી ઉઠયો

**જિલ્લાના બે પુર્વ ધારાસભ્ય પરેશ ધાનાણી અને પ્રતાપ દુધાત ખેડૂતોને ન્યાય અપાવવા મક્કમ**

**કમોસમી વરસદથી જગતાત ગણાતા ખેડૂતો ભારે મુશ્કેલીમાં છતાં જરૂરી મદદ સરકાર તરફથી મળતી નથી**

**આર્થિક સંકડામણ ભોગવતાં ખેડૂતો માટે વિક્રમ સવંતનું નવું વર્ષ મુશ્કેલીથી શરૂ થયું**

**કોંગીજનો ૩૦ વર્ષથી રાજયમાં સત્તાથી વિમુખ હોવા છતાં ખેડૂતોની મદદે આવ્યા**






અમરેલી, તા. ૬

તાજેતર માં કમોસમી વરસાદ (માવઠા)થી અમરેલી જિલ્લામાં ખેડૂતોને થયેલ વ્યાપક નુકસાન સામે વળતર નહી પરંતુ ખેડૂતોના દેવા માફ કરવા માટે તા. ૦૬/૧૧/૨૦૨૫ થી ખેતી બચાવો સત્યાગ્રહના મંડાણ અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા કરવામાં આવેલ છે. જેના ભાગ રૂપે આજ રોજ લીલીયા –સાવરકુંડલા તાલુકા અને શહેર કોંગ્રેસ સમિતિ ખેડૂતોની માંગણી અને લાગણી મુજબ ખેડૂતોનાં ખેતી દેવા માફ માટે પ્રતિક ધરણા કરતા પરેશભાઈ ધાનાણી, પ્રતાપભાઈ દુધાત તથા વલ્લભભાઈ ઝીંઝુવાડીયા, સંદીપભાઈ ધાનાણી, ટીકુભાઈ વરૂ, હસુભાઈ સુચક, નરેશભાઈ દેવાણી, હાર્દિકભાઈ કાનાણી, અશ્વિનભાઈ ધામેલીયા, હસુભાઈ બગડા, દીપકભાઈ સભાયા, ગોરધનભાઈ રાદડિયા, વિનુભાઈ ગુંદરણીયા, મહેશભાઈ જયાણી, મહેશભાઈ ચોડવડીયા, રાજેભાઈ ચૌહાણ, અશોકભાઈ ખુમાણ, જસુભાઈ ખુમાણ, અશોકભાઈ ચાવડા, ખોડાભાઈ માલવિયા, રમેશભાઈ, રમેશભાઈ ગોહિલ, નીતિનભાઈ ત્રિવેદી, બહાદુરભાઈ બેરા, ભીખાભાઈ દેવાણી, દકુભાઈ બુટાણી, જગદીશભાઈ દેથળીયા, ચોથાભાઈ કસોટીયા, ભુપતભાઈ વિજયભાઈ કોગથીયા, કાન્તીભાઈ ડુંગરિયા વગરે મહાનુભાવો હાજર રહ્યા હતા અને તેઓની માંગણી મુજબ લીલીયા અને સાવરકુંડલા તાલુકાનાં અસરગ્રસ્ત ખેડૂતોને સહાય નહી. પરંતુ ખેડૂતોનાં દેવા માફ કરવામાં આવે અને ખેડૂતો ને તેમનો હક્ક મળે તે માટે ભાજપ સરકારને જગાડવાનું કામ હાથ ધરવામાં આવેલ અને ખેડૂતોનાં પ્રાણપ્રશ્નો સાંભળવામાં આવેલ તેમજ ખેતી સાથે જોડાયેલ અન્નદાતા અને જગત ના તાત ની આજે જેમનો દશા છે તેમને વાચા આપવવા આ લડાઈ કોંગ્રેસ લડી રહ્યું છે. તેમાં આ બન્ને તાલુકાનાં ખેડૂતો સ્વયંભુ જોડાયેલ ત્યારે આગેવાનો તેમના પ્રવચનો માં જણાવેલ હતું કે કોંગ્રેસ હમેશા દરેક વર્ગની સાથે છે અને ખંભે ખંભા મિલાવીને ન્યાય માટે કયારેય પાછી પાની નહી કરે, ત્યારે લીલીયા અને સાવરકુંડલા તાલુકામાંથી ખેડૂતો અને ખેડૂત આગેવાનો બળદ ગાડા અને ટ્રેકટર સાથે તેમના ખેતરમાં નુકસાની પામેલ કપાસ લઈને ખેડૂતો આવેલ હતા, આમાં ખેડૂતોએ માત્ર તેમના દેવા માફ સિવાઈ કશું નાં ખપે તેવી વાત કરેલ હતી, આ સંખ્યામાં આવેલ હતા અને કાર્યકર્તાઓ લીલીયા અને સાવરકુંડલા તાલુકાભરના ખેડૂતો અને કાર્યકર્તા મિત્રો હાજર રહ્યા હતા

અમરેલી જિલ્લા માં ખેતી બચાવો સત્યાગ્રહના મંડાણ કરવામાં આવેલ છે અને અમરેલી જિલ્લા પ્રમુખ પ્રતાપભાઈ દુધાત દ્વારા કોઈ રાજકારણ નહિ પરંતુ એક ખેડૂત પુત્ર હોવાના નાતે પાર્ટી કે પક્ષ પક્ષપાત રાખ્યા સિવાઈ માત્ર ખેડૂતોની જે મહાદશા અને વેદના છે તેમને સમજીને સમગ્ર અમરેલી જીલ્લાના તાલુકાઓમાં જલદ કાર્યક્રમ અને ધરણા અમરેલી જિલ્લા કોંગ્રેસ તેમજ દરેક તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા કરવામાં આવી રહ્યા છે તેમ અમરેલી જિલ્લા કોંગ્રેસની અખબારી યાદીમાં જણાવેલ છે.

**ઉલ્કાવર્ષાનો અવકાશી નજારો નિહાળવા જાથાની અપીલ**

## આગામી ૧૬ થી ૧૮ નવેમ્બર સુધી મધ્યરાત્રિથી આકાશમાં લીઓનીડસ ઉલ્કાનો નજારો

**મધ્યરાત્રિ બાદ પરોઢે નિહાળવાનો શ્રેષ્ઠ સમય**

અમરેલી, તા. ૬

અમદાવાદ : દુનિયાભરના લોકોએ ઓકટોબરમાં ડેક્રોનીકસ અને ઓરીયોનીડસ ઉલ્કાવર્ષાની આતશબાજી તથા તા. ૧–૨ નવેમ્બરે ટોરીડસ ઉલ્કા વર્ષા નિહાળી હતી. બીજા તબક્કામાં વિશ્વના લોકો મધ્યરાત્રિ બાદથી ૩૦ નવેમ્બર સુધી લીઓનીડસ ઉલ્કાવર્ષાનો સ્પષ્ટ અવકાશી નજારો નિહાળવા થનગની રહ્યાં છે. તા. ૧૬ થી તા. ૧૮ મી નવેમ્બર વહેલી પરોઢ સુધીમાં ઉલ્કા વર્ષા મહત્તમ જોવા મળશે. વિશ્વના ખગોળ વૈજ્ઞાનિકોએ દરિયાઈ તથા પર્વતીય વિસ્તારોમાં પડાવ નાખી તૈયારી આરંભી દીધી છે. ત્યારે રાજયના વિજ્ઞાનપ્રેમીઓને અવકાશી ઉલ્કાવર્ષાનો અદભૂત નજારો નિહાળવા ભારત જન વિજ્ઞાન જાથાએ અપીલ કરી છે. રાજયભરમાં ખગોળીય આનંદ લૂંટવા માટે જાથાએ ખાસ આયોજન કર્યું છે. 'જાથા'ના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે દુનિયાભરમાં દર વર્ષે નવેમ્બરના પ્રારંભથી તા. ૩૦ સુધી સિંહ રાશિની લીઓનીડસ ઉલ્કાવર્ષા સ્પષ્ટ અદભૂત જોવા મળે છે. દેશ–વિદેશમાં કલાકથી ૧૦ થી ૧૫ અને વધુમાં વધુ ૧૦૦ (એકસો) ઉલ્કા વર્ષા અવકાશમાં જોવા મળે છે. ત્રણ દિવસ અવકાશમાં ઉલ્કાનો રીતસર વરસાદ જોવા મળશે. સિંહની ઉલ્કાવર્ષાને ધૂમકેતુ ટેમ્પલ સાથે જોડવામાં આવે છે. ઉલ્કાઓનું કેન્દ્રબિંદુ સિંહરાશિમાં હોવાથી તેને સિંહની ઉલ્કાવર્ષા કહેવામાં આવે છે. ઉત્તરીય અને દક્ષિણ ગોળાર્ધ બંનેમાં દ્રશ્યમાન જોવા મળશે.

વધુમાં પંડયા જણાવે છે કે લીઓનીડસ ઉલ્કાવર્ષાનો વરસાદની મહત્તમ તારીખ ૧૬/૧૭/૧૮ નવેમ્બર મધ્યરાત્રિ બાદથી વહેલી પરોઢ સુધી અવકાશમાં જોવા મળશે. ખગોળ પ્રેમીઓ ત્રણ દિવસ રાત્રિના ઉલ્કાવર્ષા જોઈ શકશે. આ અદભુત જોવાનો લ્હાવો છે. નરી આંખે નિર્જન જગ્યાએથી સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. ઉલ્કાવર્ષા વર્ષ દરમ્યાન ૧૦ થી ૧૨ વખત અને વધુમાં વધુ ૧૫ વખત ઉલ્કાવર્ષા અવકાશમાં જોવા મળે છે. આ ઉલ્કાવર્ષાઓ પાછળ ધૂમકેતુઓ કારણભૂત છે. સૌરમંડળમાં એવા પણ ધૂમકેતુઓ છે કે જે



પોતાના સૂર્ય ફરતેના ભ્રમણ દરમ્યાન પૃથ્વીની ભ્રમણકક્ષાને કાપે છે. આ ધૂમકેતુઓનું સતત વિસર્જન થતું રહેતું હોય છે. અને તેમાંથી વિસર્જીત થયેલ પર્દાફાશ ધૂમકેતુની દિશા જાળવી રાખે છે. આ રીતે જોઈએ તો દરેક ધૂમકેતુ પાછળ વિસર્જીત પદાર્થોનો શેરડો છોડતો જાય છે. જયારે પૃથ્વી પર આ વિસર્જીત પદાર્થોની વચ્ચેથી પસાર થાય છે ત્યારે સાપેક્ષ વેગના કારણે આ ટુકડાઓ પ્રચંડ વેગે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે. આવા સમયે તેમનો મહતમ વેગ સેકન્ડના ૩૦ કિલોમીટર જેટલાનો અનુમાન રખાય છે. વાતાવરણમાં રહેલ વાયુઓ સાથે ઘર્ષણના કારણે આ ટુકડાઓ સળગી ઉઠે છે અને તેજ લીસોટા, અગ્નિ સ્વરૂપે અવકાશમાં જોવા મળે છે. તેને પ્રકારમાં ફાયરબોલ, અગનગોળા કે ઉલ્કાવર્ષા કહેવાય છે. ઈન્ટરનેશનલ મેટીયોર ઓર્ગેનાઈઝેશન ઉલ્કા પડવાની નોંધ રાખે છે. જાથાના પંડયા વધુમાં જણાવે છે કે ઉલ્કાવર્ષા નિહાળવા મધ્યરાત્રિ બાદ અને વહેલી પરોઢનો સમય શ્રેષ્ઠ છે. મોટેભાગે વહેલી પરોઢે મહત્તમ ઉલ્કા વરસાદ જોવા મળે છે. વિદેશમાં લોકો દરિયાઈ કિનારે તથા પર્વતીય–ખડકાળ, નિર્જન જગ્યાને પસંદ કરી ચાર–પાંચ દિવસનો પડાવ નાખે છે. ચારેય દિશામાં ખગોળરસિકોને ગોઠવી ઉલ્કાના આંકડાની નોંધ રાખવામાં આવે છે. સેકન્ડની ગણતરીમાં દિવાળીની આતશબાજી, રંગબેરંગી ફટાકડાના દ્રશ્યો અવકાશમાં જોવા મળે છે. ઘણા લોકો ગુણવત્તાના દુરબીનની વ્યવસ્થા કરી નજારો જોવે છે. ઉલ્કા વરસાદને નજરકેદ કરવા ૧૦×૫૦ નું મેગ્નીફીકેશન ધરાવતું દૂરબીન ગોઠવી શકાય છે. જાથાએ ફાયરબોલ ફોટોગ્રાફી, ઈન્ટરનેટ મિત્રોનો સહયોગ મેળવી ડીઝીટલ વિડીયોગ્રાફી કેમેરામાં કેદ કરવા આયોજન ગોઠવ્યું છે. જાથાના જયંત પંડયાએ જણાવ્યું કે ઉલ્કા જયારે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે ત્યારે તેને મેટીયોર ઉલ્કા તરીકે ઓળખવામાં આવે છે. પૃથ્વી ઉપર રોજની લગભગ ૪૦ ટન જેટલી ઉલ્કાઓ પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે. પૃથ્વી ઉપર દિવસ–સૂર્ય પ્રકાશ દરમ્યાન પડતી ઉલ્કાઓ જોઈ શકાતી નથી. અત્યાર સુધીમાં પૃથ્વી ઉપર ઉલ્કાની રાખનો થર એક ઈંચથી વધુનો અંદાજ છે. ઉલ્કામાં લોખંડ અને નિકલ હોય છે. તેની રજને, ધૂળને ઓળખવા માટે લોહચુંબકનું પરીક્ષણ જરૂરી છે. લીઓનીડસ ઉલ્કા વર્ષા દુનિયાના અમુક ભાગોમાં રીતસરનો વરસાદ પડશે. જાથા ઉલ્કાવર્ષાની ફોટોગ્રાફી લોકો સમક્ષ મુકશે.

જાથાનો પ્રયાસ લોકોને અવકાશ તરફ નજર કરતાં થાય, તેમાં રસ લઈ, બાળકો સાથે ખગોળીય માહિતી મેળવતા થાય, નજારો નિહાળવા માટે રાજયભરમાં આયોજન ગોઠવ્યું છે તેમાં રાજકોટ, અમરેલી, ભાવનગર, જુનાગઢ, પોરબંદર, જામનગર, સુરેન્દ્રનગર, કચ્છ–ભુજ, અમદાવાદ, આણંદ, નડીયાદ, વડોદરા, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, પાલનપુર, હિંમતનગર, મોરબી, ગોધરા, પંચમહાલ, અરવલ્લી, મોડાસા, નર્મદા, તાપી, બોટાદ, ગીર સોમનાથ, દેવભૂમિ દ્વારકા, ડાંગ, આહવા, રાજપીપળા વિગેરે નાના–મોટા નગરોમાં એક કે બે દિવસીય મધ્યરાત્રિ–પરોઢે વ્યવસ્થાની આખરી ઓપની તૈયારી આરંભી છે. લીઓનીડસ ઉલ્કાવર્ષાનો નજારો નિહાળવાની તૈયારીમાં જાથાના અંકલેશ ગોહિલ, રાજુ યાદવ, દિનેશ હુંબલ, હરેશ ભટ્ટ, નિર્ભય જોશી, પ્રકાશ મનસુખભાઈ, રવિ પરબતાણી, નિર્મળ મેત્રા, ભોજાભાઈ ટોયટા, હર્ષાબેન પંડયા એડવોકેટ, ભાવનાબેન વાઘેલા એડવોકેટ, ભાનુબેન ગોહિલ સહિત અનેક સદસ્યો આ અભિયાનમાં જોડાયા છે. રાજયમાં ઉલ્કાવર્ષા સંબંધી વિશેષ માહિતી મોબાઈલ : ૯૮૨૫૨ ૧૬૬૮૯ તથા ૯૪૨૬૯ ૮૦૯૫૫ ઉપર સંપર્ક સાધવા યાદીમાં જણાવાયું છે.

## ૭ નવેમ્બર, ''રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ'' 'કેન્સર' એટલે 'કેન્સલ' નહીં

અમરેલી, તા. ૬

કેન્સર નિવારણ અને વહેલી તકે તપાસ અંગે જાગૃતિ લાવવા 'રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ' દિવસની ઉજવણી કરવામાં આવે છે. રાષ્ટ્રીય કેન્સર નિયંત્રણ કાર્યક્રમની શરૂઆત ૧૯૭૫માં દેશમાં કેન્સરની સારવારની સુવિધાનાં હેતુથી કરવામાં આવી હતી. 'રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ' પ્રખ્યાત વૈજ્ઞાનિક મેડમ કયુરીની જન્મજયંતિએ ૭ નવેમ્બરનાં રોજ ઉજવવામાં આવે છે. તમાકુ અથવા ગુટખાનાં લાંબાગાળાનાં સેવન, સિગારેટ પીવી, દારૂ પીવો, લાંબા સમય સુધી રેડિયેશનનાં સંપર્કમાં રહેવું, આનુવંશિક ખામી, શારીરિક નિષ્ક્રિયતા, નબળું પોષણ અને કેટલીકવાર મેદસ્વીપણું પણ કેન્સરનું કારણ બની શકે છે. સતત ખાંસી અને ગળું બેસી જવું, ત્વચાનાં રંગમાં ફેરફાર, વારંવાર લોહી આવવું, શરીરમાં દુખાવા થવા, સ્ટુલમાં લોહી, યુરીનમાં ફેરફાર વગેરે તેના લક્ષણો છે. કેન્સર એ રોગોનાં જૂથનું એક સામાન્ય નામ છે, જેમાં શરીરનાં અંદરના કેટલાક કોષો અમુક કારણોસર અનિયંત્રિત બનીને વધે છે. સારવાર ન થવાથી તે આસપાસની સામાન્ય પેશીઓમાં અથવા શરીરનાં અન્ય ભાગોમાં ફેલાય છે અને તે ગંભીર બીમારી, અપંગતા અને મૃત્યુનું કારણ બની શકે છે. ભારતમાં સૌથી વધારે કેન્સરનાં કેસો પંજાબમાં જોવા મળે છે જેના કારણે ત્યાં 'કેન્સર ટ્રેન' પણ ચલાવવામાં આવે છે. આ પાછળનું કારણે જમીન અને પાણીનું સતત થતું પ્રદુષણ છે. આ ઉપરાંત તમાકુમાં મળી આવતું નિકોટીન, જંકફૂડમાં રહેલા પ્રિઝર્વેટિવ્સ, જંતુનાશકો અને અન્ય હાનિકારક ઘટકો, આર્સેનિક, બેન્ઝિન, એસ્બેસ્ટોસ અને જેવા પર્યાવરણીય ઝેરી પદાર્થો, માંસાહાર જેવા પદાર્થો કેન્સરનાં જોખમો વધારે છે. સંતૃપ્ત ચરબી ધરાવતો ખોરાક (માંસાહાર) ખાવાથી માનવશરીરમાં ઘણી પરેશાનીઓ ઉભી થવાની શક્યતા રહે છે. બ્લડ–પ્રેશર, કોલેસ્ટેરોલથી શરૂ કરીને મેદસ્વીપણાની સમસ્યાનો શિકાર બનતાં વાર નથી લાગતી! લાંબાગાળે માંસાહારની આદત શરીરમાં બિમારીઓને આમંત્રણ આપે છે, જે




મનુષ્યની ઉંમર ઘટાડવાનું કામ કરે છે. ડોક્ટર્સ અને સંશોધકો લાંબી આયુ માટે, નીરોગી રહેવા માટે શાકાહાર પર પસંદ ઉતારવાની તાકીદ કરે છે તે પાચનતંત્ર માટે સુયોગ્ય ખોરાક છે. વેજિટેરિયન ખોરાકમાં રહેલું ફાઈબર પાચનતંત્રને વધુ કાર્યક્ષમ અને બહેતર બનાવવાનું કામ કરે છે. નોન–વેજ ફૂડમાં ફાઈબરનું પ્રમાણ ઓછું હોવાથી તે આરોગનાર વ્યકિતને પાચન–સંબંધી ઘણી સમસ્યાઓ નડે છે. ફ્રૂટ, શાકભાજી, કઠોળ વગેરેમાં ફાઈબરનું પ્રમાણ ખાસ્સું વધારે હોવાથી હેલ્થ એક્સપર્ટ્સ હંમેશા શાકાહારને વધુ પ્રાધાન્ય આપે છે. શરીરમાં સ્ફૂર્તિ અને તાજગી વધારવા માટે શાકભાજી સાથે દેશી ગાયનાં દૂધનો પણ ઉપયોગ કરી શકાય છે. કેન્સરને મટાડવા માટે 'પંચગવ્ય ચિકિત્સા'ને પણ ઉપયોગમાં લેવામાં આવે છે. ગાયનાં ગૌમૂત્રનાં ઉપયોગથી કેન્સર મટ્યાનાં ઘણા દાખલા છે. ભારતનાં પ્રાચીન ઈતિહાસ પર નજર કરીએ તો ઋષિમુનીઓ પણ શાકાહાર કરવાની તેમજ શરીરને સ્વસ્થ રાખવા માટે આયુર્વેદને અનુસરવા જણાવ્યું છે. 'આયુર્વેદ' ભારતની સંસ્કૃતિ છે. આજે સમગ્ર વિશ્વએ આયુર્વેદનો સ્વીકાર કર્યો છે. ચરક ઋષિનું 'ચરક સંહિતા' અને સુશ્રુત ઋષિનું 'સુશ્રુત સંહિતા' ભારતનાં આયુર્વેદિક વારસાનાં મહત્વનાં ઉદાહરણો છે. કેન્સર એ ચેપી રોગ નથી માટે તેનાથી ગભરાવવું ન જોઈએ. સ્વસ્થ જીવનશૈલીને અનુસરવાથી આવા હાનિકારક રોગોથી બચી શકાય છે.

**– મિત્તલ ખેતાણી**
**(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

**સરગમ કલબનાં સહયોગથી**

## રાજકોટ ખાતે અમેરિકા સ્થિત ડોકટર દંપત્તિનાં સહયોગથી ફૂટ કેમ્પ યોજાયો

**૬૯ જેટલા કેલિપર્સએ લાભ લીધો**




અમરેલી, તા. ૬, જયપુર ફૂટ કેમ્પમાં કુલ દર્દીની સંખ્યા ૬૯ જેમાં કેલિપર્સના ૩૨ લેગ (પગ)ના ૨૨ અને રીપેરીંગના ૧૫ દર્દીઓએ વિનામુલ્યે લાભ લીધેલ. જેટલા દર્દીની સંખ્યાએ લાભ લીધેલ અતિ સુંદર વ્યવસ્થા સાથે વોલેન્ટિએર ભાઈ બહેનોની સેવા અતિ ઉત્તમ સાથે દરેક દર્દીની મુલાકાતમાં આત્મ સંતોષ જોવા મળેલ. ફ્રી કેમ્પ આશીર્વાદ રૂપની ભાવનાની પ્રતીતિ જોવા મળી જેનો શ્રેય સરગમ ક્લબ સંચાલક ગુણવંતભાઈ ડેલાવાળા અને સેવકોને આભારી છે. આ કેમ્પનું આયોજન ૧૮ વર્ષથી ચાલે છે. અને આશરે ૨૫ હજાર દર્દીઓને લાભ મળેલ છે. તદ્દન ફ્રી સાથે દર માસના પ્રથમ ૩ દિવસ અલગ–અલગ સહયોગીના સાથથી અવિરત સેવા કાર્ય ચાલુ છે.

**૧૨ દિવસની સારવાર બાદ મોત**

## રખડતાં શ્વાનનું ટોળું પાછળ દોડતાં યુવક પટકાયો, બ્રેઈન હેમરેજ થતા મોત

સુરત, તા. ૬

સુરતમાં ૫ કૂતરાઓ પાછળ પડતાં એક યુવક જીવ બચાવવા ભાગ્યો હતો. તેવામાં યુવક પડી જતાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. યુવકને બ્રેઈન હેમરેજ થતાં હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું છે.

સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે, ત્યારે ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ રહ્યો છે. મળતી માહિતી મુજબ, સુરતના સૈયદપુરાના ભંડારીવાડમાં થોડા દિવસ પહેલા ઈબ્રાહીમ ઉર્ફે એજાઝ એહમદ અન્સારી (ઉં.વ.૩૮) નામના યુવક પાછળ કૂતરાઓનું ઝુંડ પડતાં ઈબ્રાહીમ જીવ બચાવવા ભાગ્યો હતો. જેમાં તેને ગંભીર ઈજા પહોંચતા સારવાર માટે હોસ્પિટલ લઈ ગયા હતા, જયાં ૧૨ દિવસની સારવારને અંતે ઈબ્રાહીમનું આજે ૬ નવેમ્બરના રોજ મૃત્યું નીપજ્યું છે. સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી. વીડિયોમાં જોવા મળે છે પાંચ જેટલાં કૂતરાઓ યુવક પાછળ દોડે છે અને યુવક પડી જતાં કૂતરા થોભી જાય છે ને ત્યાંથી જતાં રહે છે. બનાવ અંગે વાત કરતાં મૃતક યુવકના ભાઈએ જણાવ્યું હતું કે, 'મારો ભાઈ સવારે નમાઝ પઢીને ઘરે આવી રહ્યો હતો, ત્યારે કેટલાક કૂતરાઓ તેને કરડવા પાછળ દોડ્યા હતા. જેમાં પડી જવાથી મારા ભાઈને ગંભીર ઈજા પહોંચી હતી.'

# અમરેલી : વિદ્યાસભા સ્કૂલના DLSS ખેલાડીએ SGFIની રાજય કક્ષા હેન્ડબોલ સ્પર્ધામાં સુવર્ણ અને રજત પદક મેળવી ગૌરવ વધાર્યું






તારીખ : ૨૦ થી ૨૪ સપ્ટેમ્બર,૨૦૨૫ના રોજ ૬૯મી યુ–૧૪, યુ–૧૯ ભાઈઓની રાજય કક્ષા હેન્ડબોલ ચેમ્પિયનશિપનું આયોજન સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ પાંચોટ (મહેસાણા), ગુજરાત મુકામે થયું હતું, તેમાં રાજયના વિવિધ જિલ્લામાંથી બહોળી સંખ્યામાં સ્પર્ધકોએ ભાગ લીધેલ હતો. જેમાં અમરેલી જિલ્લાની ટીમમાંથી શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ અમરેલી જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલ (DLSS) ખેલાડી યુ–૧૪, યુ–૧૯ ભાઈઓની ટીમોએ ભાગ લીધો. જેમાં યુ–૧૪ ભાઈઓમાં ૧) ડૂડવેનરેશ ધો–૭, ૨) હુંમ્બલ દિવ્યેશ ધો–૯, ૩) ગોહિલ મનદીપસિંહ ધો–૯, ૪) ઝાપડિયા ધો–૭, ૫) ખાવડીયા રોહિત ધો–૬, ૬) દેસાઈ કર્તવ્ય ધો–૭, ૭) જળુ કાર્તિક ધો–૬, ૮) વાઘેલા રાહુલ ધો–૬, ૯) રાઠોડ ઢદ્ર ધો–૮ ૧૦) સાકળીયા મીત ધો–૮, ૧૧) જળુ સિધ્ધરાજ ધો–૮, ૧૨) ચારોલીયા ચતુર ધો–૮ હેન્ડબોલ ટીમે સુવર્ણ પદક મેળવેલ. અને યુ–૧૯ ભાઈઓમાં ૧) ઉસદડ વાસુ ધો.૧૨, ૨) સોલંકી વિજય ધો.૧૧, ૩) બારૈયા સિદ્ધાર્થ ધો.૧૨, ૪) બારૈયા રાહુલ ધો.૧૧, ૫) બાંભરોલિયા નૈતિક ધો.૧૧, ૬) બારૈયા વિશાલ ધો.૧૧, ૭) મકવાણા પિયુષ ધો.૧૧, ૮) બાલધિયા રાહુલ ધો.૧૦, ૯) શિયાળ વિજય ધો.૧૧, ૧૦) કામ્બડ ઉમેશ ધો.૧૨, ૧૧) ખુટી કરણ ધો.૯ હેન્ડબોલ ટીમે રજત પદક પ્રાપ્ત કરી સિધ્ધી હાંસલ કરેલ છે. શાળા પરિવાર અને તેમજ અમરેલી જિલ્લાનું નામ રાષ્ટ્રીય કક્ષાએ રોશન કરેલ. નોંધનીય છે કે વિદ્યાર્થીઓને દરેક રમત ગમતમાં નિયમિત પ્રેક્ટિસ માટેનું મજબૂત પ્લેટફોર્મ સંસ્થા તરફથી પૂરૂ પાડવામાં આવે છે. જેથી વધુ સારી રીતે રમત–ગમત ક્ષેત્રે વિદ્યાર્થીઓ ઉજવળ સિધ્ધીઓ પ્રાપ્ત કરી રહયા છે. આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી અને કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ હેન્ડબોલ ખેલાડી ટીમ તેમજ કોચ રવિભાઈ નાવડિયા અને ટ્રેનર કમલેશભાઈ ભાલીયા, ભૂમિબેન ડાંગરને અભિનંદન પાઠવ્યા હતા. તેમ વિદ્યાસભાની યાદી જણાવે છે.

હવે આપના અમરેલીમાં એમ.ડી.મેડીસીન ડોક્ટર નિયમિત મળશે.
❖ હૃદયના એટેકની સારવાર ❖ તમામ પ્રકારની ઝેરી દવાઓ (પોઈઝન).વીંછી, સર્પદંશ તથા કોઈપણ પોઈઝનને લગતી ઈમરજન્સી સાવરવાર ઉપલબ્ધ. ❖ ક્રીટીકલ અને આઈ.સી.યુ.ના દર્દીની સારવાર ❖ બધા પ્રકારના વા ની સારવાર ❖ બ્લડ પ્રેશર અને ડાયાબિટીસનું નિદાન અને સારવાર ❖ ડેન્ગ્યુ, મેલેરીયા, ટાઈફોઈડ તથા તમામ પ્રકારના તાવનું નિદાન અને સારવાર. ❖ ન્યુમોનિયા, ટીબી, શ્વાસ(દમ) તથા ફેફસાના રોગોનું નિદાન અને સારવાર ❖ પેટના રોગો, ઝાડા, ઉલટી, કોલેરા વગેરે રોગોનું નિદાન અને સારવાર આધાશીશી, અનિંદ્રા, બેચેની, ચક્કર, શરીરની નબળાઈ (Weakness) ખાલી ચડવી. ❖ નસના દુઃખાવા તથા કોરોનાનું નિદાન અને સારવાર. ❖ પેરાલીસીસ (લકવો)નું નિદાન અને સારવાર તથા ઘેંચની સારવાર ઉપલબ્ધ. કિડનીના રોગો, લીવરના રોગો, થાઈરોઈડ, કમળો, સંધીવા વગેરે રોગોનું નિદાન અને સારવાર રાહત દરે ઉપલબ્ધ.
ફિઝિશિયન વિભાગ
હૃદયના રોગો | ફેફસાંના રોગો | ડાયાબિટીસ | પેરાલિસિસ | ઝેરી દવાઓ (પોઈઝન)
સોમવાર થી શનિવાર, સમય : સવારે ૦૯:૩૦ થી ૦૨,સાંજે ૦૫ થી ૦૮



ડો. વિજય મકવાણા
(M.B.B.S., M.D.Medicine)
Consultant Physicin &
Cardio-Diabetcologist
Critical Care & ICU Specialist
NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ) એન.સી.ટી. કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૩૩૯૯૯
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629

## પ્રમાણિક વ્યકિતને બે છેડા માંડ ભેગા થાય ને ભ્રષ્ટાચારીઓને ઘી–કેળા

# હે રામ : સાવરકુંડલામાં માર્ગની મરામતમાં લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર ?

ભ્રષ્ટાચારમુક્ત શાસનની ગુલબાંગો વચ્ચે ભાજપનાં એક અગ્રણીએ ભ્રષ્ટાચાર થતો હોવાનો કર્યો આક્ષેપ

અમરેલીની એક એજન્સી અને માર્ગ–મકાન (પંચાયત)ની મિલીભગતથી કૌભાંડ થયાનો આક્ષેપ

૭૦ લાખથી વધુ રકમનાં બિલ માર્ગની મરામત કરવા માટે બનાવાતા આશ્ચર્ય

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા કથિત કૌભાંડની તપાસ થાય તેવી માંગ કરવામાં આવી



સાવરકુંડલા, તા. ૬

સાવરકુંડલાના માર્ગ અને મકાન (પંચાયત) વિભાગના અધિકારી અને એજન્સી દ્વારા સાવરકુંડલા–હાથસણી માર્ગની મરામતમાં લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર કરવામાં આવતા ઉચ્ચ સ્તરે ફરિયાદ કરવામાં આવી.

સાવરકુંડલા હાથસણી રોડ ઉપર ગયા વર્ષે એજન્સી શ્રી શિવઓમ કન્સ્ટ્રકશન પ્રા.લિ. અમરેલી દ્વારા પેવર પટ્ટાનું કામ કરવામાં આવેલ. જયારે સ્થળ ઉપર જોતા અમુક અમુક સ્થળ ઉપર ફકત ડામરનું પેચ વર્ક કરેલ હોય તેવું લાગે છે, તે પણ હલકી ગુણવત્તાનો ડામર વાપરી કામ કરેલ છે જેથી મોટાભાગના પેવર પટ્ટા ઉખડી ગયેલ છે. આશ્ચર્ય તો એ છે કે માત્ર અમુક અમુક ડામરના પેવર પટ્ટા કરેલ હોય તેમ છતાં એજન્સીને ૩ (ત્રણ) બિલ ચૂકવી દીધેલ છે, જેમાં પહેલું બીલ તારીખ ૦૪/૧૧/૨૦૨૪ના રોજ બનેલ અને પ્રથમ અને ફાઈનલ બિલમાં ૪૩૨.૭૦૦ મેટ્રિક ટન ડામરના જથ્થાનું કામ કરેલ અને બિલ રૂ. ૨૪,૪૨,૫૯૨/–ની રકમનું બનાવેલ છે તથા બીજું બીલ તારીખ ૦૪/૧૧/૨૦૨૪ના રોજ બનેલ પ્રથમ અને ફાઈનલ બિલમાં ૪૨૫.૮૦૦ મેટ્રિક ટન ડામરના જથ્થાનું કામ કરેલ અને બિલ રૂા. ૨૪,૦૩,૬૪૧/– ની રકમનું બનાવેલ છે તથા ત્રીજું બિલ તારીખ ૦૪/૧૧/૨૦૨૪ના રોજ બનેલ પ્રથમ અને ફાઈનલ બિલમાં ૪૧૦.૪૭૦ મેટ્રિક ટન ડામરના જથ્થાનું કામ કરેલ અને બિલ રૂા. ૨૩,૧૭,૧૦૩/–ની

અનુસંધાન પાના ૬ ઉપર

### લગ્નનાં ફુલેકા દરમિયાન માથાકુટ થઈ

# બાબરાનાં ફુલજર ગામે બે જુથ વચ્ચે અથડામણમાં ૧ વ્યકિતનું મોત થતાં ફરિયાદ

ગ્રામ પંચાયતની ચૂંટણીનાં મનદુઃખે સામસામી ફરિયાદ

બાબરા, તા. ૬

બાબરા ફુલજર ગામે લગ્ન પ્રસંગના ફુલેકામાં ઘોડાને ટ્રેકટર અડી જવા ૨ જુથ વચ્ચે સશસ્ત્ર ધિંગાણું થતા આધેડનું ગંભીર ઈજા થવાથી મોત નિપજતા બનાવ હત્યામાં પલટાયો હતો. જયારે ત્રણથી વધુ વ્યકિતને ઈજાઓ થતા બાબરા, ગોંડલ અને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જે બંને જૂથ વચ્ચે સશસ્ત્ર અથડામણ થઈ હતી. તેનું મુળ કારણ ગામની સરપંચની ચૂંટણીનું ચાલતું મન દુઃખ કારણભૂત મનાઈ રહ્યું છે. રાત્રીના



અથડામણ અને હત્યાના બનાવને લઈ જિલ્લા પોલીસ વડા સંજય ખરાત, ડીવાયએસપી ચિરાગ દેસાઈ સહિતનો પોલીસ કાફલો ફુલજર ગામે દોડી ગયો હતો અને વધુ કોઈ અનિચ્છનીય બનાવ

અનુસંધાન પાના ૬ ઉપર

### રાજ્ય સરકાર કોઈ આર્થિક મદદ કરતી ન હોવાનાં આક્ષેપ સાથે

# જાબાળ અને નાની ધારી ગામનાં ખેડૂતે થોડી ઘણી બચી ગયેલી મગફળી પણ સળગાવીને નાશ કર્યો

ખેડૂતોએ જનપ્રતિનિધિઓનાં એશોઆરામ સામે પણ નારાજગી વ્યકત કરી



અમરેલી, તા. ૬

અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદથી ખેડૂતોની કમર ભાંગી ગઈ છે. ત્યારે મગફળીના પાક સંપૂર્ણ નષ્ટ થયો છે. તેવા સમયે સરકાર દ્વારા ટેકાના ભાવની મગફળી ૧૨૫ મણની ખરીદી કરવાની જાહેરાત કરતાં અમરેલી જિલ્લાના ખેડૂતો નાસીપાસ થયા છે. ત્યારે સરકાર સામે રોષ ફાટી નીકળ્યો હતો. ત્યારે સાવરકુંડલા તાલુકાના જાબાળ, શાંતિનગર તથા ખાંભા ગામના નાની ધારી ગામે ખેડૂતોએ થોડી ઘણી બચી ગયેલી મગફળી પણ સળગાવી નાખીને સરકાર સામે વિરોધ પ્રદર્શન કર્યુ હતું.

સાવરકુંડલા તાલુકાનું શાંતિનગર ગામ ખેતી આધારિત છે.

અનુસંધાન પાના ૬ ઉપર




૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,09,000/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૦૬/૧૧/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૧૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)